Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૭ મું ] [ અંક ૧ લો

કાર્તિક

ઇ. સ. ૧૯૫૦ ૧૫ મી નવેમ્બર

વીર સં. ૨૪૭૭ વિક્રમ સં. ૨૦૦૭

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું અંક ૧ લો. } કાર્તિક { વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૬


## अनुक्रमणिका


૧ શ્રી સંભવજિન સ્તવન... ... ... (મુનિશ્રી રુચકવિજયજી) ૧

૨ આશીર્વાદાત્મક અભિનંદન ... ...(શ્રી મગનલાલ મોતીચંદ શાહ) ૨

૩ **व्यतीत वर्ष अने नूतन वर्ष** ... (શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૩

૪ જ્ઞાનપંચમીનું રહસ્ય અને જ્ઞાનનું માહાત્મ્ય
... (મુનિશ્રી ન્યાયવિજયજી ત્રિપુટી) ૯

૫ આત્મવિકાસ ... ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૪

૬ સાહિત્યવાડીનાં કુસુમો : : માટીમાંથી માનવ (૩)
...(શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૭

૭ કર્મ-મીમાંસાનું આયોજન... ...(શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયા) ૨૨

૮ વ્યવહાર કૌશલ્ય (૨૯૮) ... ... ... (મૌક્તિક) ૨૬

૯ શેઠશ્રી ભોગીલાલ મગનલાલ વાણિજ્યમંદિર-
(કોમર્સ હાઇસ્કૂલ)નું ખાતમુહૂર્ત ... ... ... ... ૨૭



## સભાના સભાસદોને ખાસ લાભ

# શ્રી તાત્ત્વિક લેખસંગ્રહ

પચીસ લેખોનો સુંદર સંગ્રહ

લેખક : આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજની વૈરાગ્યવાહિની અને બોધદાયિની કલમથી આજે સમાજમાં કોણ અજાણ છે? "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**" માસિકમાં ક્રમે ક્રમે પ્રગટ થયેલા બોધક અને સરલ લેખોનો આ સંગ્રહ સૌ કોઇને પસંદ પડી ગયો છે. સભાસદ બંધુઓને આ ગ્રંથ અડધી કિંમતે એટલે એક રૂપિયામાં આપવામાં આવશે. ક્રાઉન સોળ પેજી અઢીસો પાના, પાકું બાઇંડીંગ છતાં મૂલ્ય માત્ર બે રૂપિયા. પોસ્ટેજ અલગ. તમારી નકલ માટે જલદી જણાવવા વિજ્ઞપ્તિ છે.

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





| | | |
|---|---|---|
| પુસ્તક ૬૭ મું. અંક ૧ લો. | : કાર્તિક : | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭ |


## —: શ્રી સંભવજિન સ્તવન :—

( સાહેબ બાહુ જિણેસર વિનવું–એ દેશી ).

સાહેબ સંભવદેવ હું વિનવું, વિનવું બે કર જોડ હો;
સાહેબ તુમ સેવા હું કિમ કરું ?, વિઘ્ન કરે જસ ખોડ હો. ॥ ૧ ॥
સાહેબ મુજ સરિખા જે પ્રાણીઆ, કિમ લહેશે તુમ પ્રીતિ હો;
સાહેબ મ્હેર કરો જગ જો ભલા, તો ક્ષણમાં સવિ સિદ્ધિ હો. ॥ ૨ ॥
સાહેબ અમ પાસે પણ છે ઘણું, પણ એક આવરણ દુઃખ હો;
સાહેબ દૂર કરો તે દુઃખ ઘણું, તો અમ મન હુવે સુખ હો. ॥ ૩ ॥
સાહેબ રાજા તે ચરચક્ષુ કહ્યાં, પણ ચર દ્વિવિધ હોય હો;
સાહેબ ન્યાય-નીતિ જગ નિર્મળાં, તે વહતાં સુખ થાય હો. ॥ ૪ ॥
સાહેબ થોડું કીધું ઘણું માનજો, દિલ ધરજો સવિ વાત હો;
સાહેબ **રુચકવિજયને** આપજો, તુમ સમ દિલની ધાત હો. ॥ ૫ ॥

—મુનિરાજશ્રી રુચકવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષનું આશીર્વાદાત્મક અભિનંદન

(રાગ--તોટક છંદ).

બહુ જાતિતણાં ફળ ફૂલ લઉં, શુભ શ્રીફળ ને કુમકુમ ભરું;
રસથાળ ભરી ઉપહાર ધરું, નવલે વરસે સુકૃતાર્થ થઉં. ૧
ફળમાં શુભ ઇચ્છિતને ગણજો, રસમાં સમતા રસ મેળવજો;
શુચિ પ્રેમ સુવાસિત પુષ્પ હજો, કુમકુમતણા ગુણને ગણજો. ૨
મુજ ભેટ ખરી શુભ નેક ભરી, ગણજો ગુણવર્ધનમાં સઘળી;
ષડ્ દ્રવ્ય અને નય ન્યાય તણી, સુપ્રમાણ થકી અતિ શુદ્ધ કરી. ૩
મુજ ગ્રાહક ને સહુ સભ્ય પદે, શુભ ચિંતક ને ગુણ ધર્મ હદે;
મમ તંત્રી અને પદ મંત્રી ગણું, અભિનંદન હો સહુને નવલું. ૪
દઇ દાન અને ગણના કરતા, પદ પેટ્રનની પદવી ધરતા;
મુજ આત્મસખારૂપ એ બનતા, ઉપહાર ધરું પદને મળતા. ૫
વહતા શિર ભાર ભરી નમતા, ગમતા જનમંડળને રમતા;
બહુમાન તણા( પ્રમુખ )પદને ધરતા, અભિનંદન ત્યાં મુજ અંતરના. ૬
મુજ સ્થાપક માપક પોષક જે, શુભ લેખક ને ગુણશોધક જે;
પદવીધર શ્રીયુત ભાગ્યભર્યા, અભિનંદનમાં સહુ પુણ્ય વર્યા. ૭
મુજ પ્રેરક શાસક ચાલક જે, રસદાયક નાયક જ્ઞાયક જે;
સ્મરતાં મગરૂર થઉં નવલે, ઉપહાર ધરું અતિ હર્ષ ભર્યે. ૮
મુનિવર્યતણા ઉપકાર ઘણા, મુજ જીવન નૂરતણાં ઝરણાં;
રસસિંચન શાશ્વત તે કરતા, અભિનંદન વંદન વંદન જ્યાં. ૯
બહુ લેખ મળે કવિ કાવ્યતણા, રસ રંગ વહે નહિં કાંઇ મણા;
મુજ આશિષમાં જુજ શબ્દ ભર્યા, મળજો પ્રભુતા જગ કીર્તિ વર્યા. ૧૦
મમ મિત્ર ખરે! મન મૂર્તિવડે, કદી સુંદર ચિત્ર ઘડે હૃદયે;
મુજ ગૌરવમાં જુજ વૃદ્ધિ કરે, શુભ આશિષમાં પણ પૂર્ણિ કરે. ૧૧
બળ બુદ્ધિ અને ગુણરિદ્ધિ હજો, જનમાં મણિ માનવતા ફળજો;
સહુ સેવ સ્વધર્મતણી કરજો, નવલા દિનમાં બહુએ મળજો. ૧૨
વધશે મમ જીવન આગળ જે, ઉપહાર નવા ધરવા મથશે;
સહકાર સદા મળજો અમને, અભિનંદન આશિષ હો તમને. ૧૩
નવયુવક બુદ્ધિ સતેજ હજો, જુજ શક્તિ "પ્રકાશ" ભણી વળજો;
ગુણવાન થઇ હિતને ધરજો, નવલું અભિનંદન મેળવજો. ૧૪
શુભ આશિષ પત્ર "પ્રકાશ" તણી, વધજો સહુમાં સુખશાંતિ ઘણી;
ધરતાં ઉપહાર સુઊર્મિ ભરી, જય હો જય "જૈનજ ધર્મ" તણી. ૧૫

—શ્રી મગનલાલ મોતીચંદ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યતીત વર્ષ અને નૂતન વર્ષ.

શ્રી જીવરાજભાઇ ઓધવજી દોસી.

**વિક્રમ** સંવત ૨૦૦૭ના મંગળમય પ્રભાતે **"શ્રી જૈન ધર્મ પ્રકાશ"** છાસઠ વર્ષની દીર્ઘ વય વ્યતીત કરી સડસઠમા વર્ષમાં પ્રવેશ કરે છે. માસિકના આવા દીર્ઘ-આયુષ્યનું માન સ્વર્ગસ્થ **કુંવરજીભાઇને** ઘટે છે. તેઓશ્રીનો સ્થૂલદેહ વિલય થવા છતાં તેમનો અમર આત્મા માસિકને તથા આ સભાને નિરંતર પ્રેરણા આપી રહ્યો છે.

વ્યતીત થતાં વર્ષ ઉપર દષ્ટિપાત કરતાં તેમાં અનેક રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક પરિવર્તનો થયેલાં જોવામાં આવે છે. જૈન જગતમાં અને આ સભાના કાર્યક્ષેત્રમાં પણ અનેકવિધ રંગો પૂરાયેલા જોવામાં આવે છે.

ગયા વર્ષમાં રાજકીય ક્ષેત્રમાં અનેક પ્રકારના ઉલ્કાપાતો થયેલા છે, જેમાં કોરીયાનું યુદ્ધ મોખરે આવે છે. કોરીયાના બે ભાગો પોતપોતાના સ્વાર્થ ખાતર પાશ્ચિમાત્ય દેશો અને રશિયા તથા અમેરિકાએ થોડા વર્ષ ઉપર જ છેલ્લી લડાઇના અંતવખતે કર્યા હતા. ઉત્તર કોરીયાનું રાજતંત્ર રશિયા અને સામ્યવાદીના વર્ચસ્વ નીચે મૂકવામાં આવ્યું હતું, અને દક્ષિણ કોરીયાનું રાજ્યતંત્ર અમેરિકા અને પ્રજાતંત્રના વર્ચસ્વ નીચે રાખવામાં આવ્યું હતું. અને આખા રાજ્યતંત્ર ઉપર સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થાની દેખરેખ હતી. ગમે તે કારણસર ઉત્તર કોરીયાના સામ્યવાદીઓએ દક્ષિણ કોરીયા ઉપર લશ્કરી આક્રમણ કર્યું, સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા સમક્ષ સવાલ ઉપસ્થિત કરવામાં આવ્યો, તે આક્રમણને લશ્કરી બળથી દાબવા સંસ્થાએ ઠરાવ રજૂ કર્યો, અને તે ઠરાવને અનુસારે પ્રથમ અમેરિકનોએ પોતાનું લશ્કર અને લશ્કરી સરસામાન દક્ષિણ કોરીયાની મદદે મોકલ્યો. ભારતના મહાઅમાત્યે લશ્કરી બળને સ્થાને પ્રથમ વાટાઘાટથી ઉકેલ લાવવાનો પ્રશ્ન શરૂ કર્યો, પણ તે કબૂલ રાખવામાં આવ્યો નહિ. પ્રથમ તો ઉત્તર કોરીયનો લડાઇ માટે તૈયાર હોવાથી થોડો વખત ફાવ્યા, પણ જેમ જેમ લશ્કરી મદદ દક્ષિણને મળવા માંડી, અમેરિકાના વિપુલ સાધનો અને નિષ્ણાત લશ્કર આવતું ગયું તેમ તેમ ઉત્તર કોરિયનોને પાછા હઠાવવામાં આવ્યાં, અને અત્યારે તો ઉત્તરનો પણ ઘણો ખરો ભાગ તાબે કરવામાં આવ્યો છે. ભારતના મહાઅમાત્ય પંડિત શ્રી નહેરૂએ આ લડાઇ તે જ ક્ષેત્રમાં રહે, અને આગળ પાછળ ન ફેલાય તે માટે કિંમતી સલાહ આપી હતી. બળનો પ્રતીકાર બળથી કરવો અને એવો પ્રતીકાર કર્યા વિના સામ્યવાદ જેવો સામો શત્રુ વશ ન થાય એવો સિદ્ધાંત અમેરિકા અને તેને સમર્થન કરતા પાશ્ચિમાત્ય દેશો ધરાવે છે. બળની સામે બળ વાપરવાના કેવાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામ આવે છે તે જગતે બે મોટી લડાઈઓને પરિણામે જોયાં છતાં, હજુ માનવીઓને સાન આવી નથી. અને આથી વિશેષ ભયંકર સ્થિતિ–સમસ્ત સંસ્કૃતિ અને માનવીઓનો સંહાર થવાનો ભય ધુરકતો હોવા છતાં, સ્વાર્થી દેશોને સુબુદ્ધિ આવતી નથી તે ઘણું દુઃખદાયક છે. શ્રી મહાવીર જેવા મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે, હિંસક વૃત્તિને વશ કરી અહિંસાને કેળવી, આખા જગતના પ્રાણીઓ તરફ વિશ્વબંધુત્વની ભાવના હ્રદયમાં સ્થાપવાની જે ઉદ્દઘોષણા કરી છે, તે ઉપદેશને માનવીઓ ઝીલશે નહિ, તે પ્રમાણે જીવન ઘડશે નહિ ત્યાં સુધી જગતમાં શાંતિ સ્થપાવાનો ઓછો સંભવ છે. નૂતન વર્ષમાં આવી વિશ્વબંધુત્વ ભાવના માનવીઓના હ્રદયમાં પ્રવેશે એવી આપણી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

અત્યારે તો આખું રાજકીય વાતાવરણ ક્ષુબ્ધ બનેલ છે. ઇંડો–ચાઇના, મલાયા વિગેરે દેશોમાં લડાઇઓ ચાલે છે. ટીબેટ જેવા ધર્મપરાયણ અને શાંતિ ચાહનાર દેશ ઉપર પણ લાલ ચીને તાજેતરમાં જ આક્રમણ કરેલ છે. બર્મા અને ભારત જેવા શાંતિપ્રિય દેશોમાં પણ વાતાવરણ શાંત નથી. સામ્યવાદ જ્યાં ત્યાં માથું ઊંચું કરતો જાય છે અને હાલની તંગ આર્થિક સ્થિતિ સામ્યવાદને પોષે છે. ભારતમાં હજુ જૂની સંસ્કૃતિ અને ધર્મના સંસ્કારો ઓછેવધતે અંશે રહ્યા છે, એટલે દેશને એકાંત વિનાશને પંથે જતાં રોકે છે. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો જે ઉપદેશ ભગવાને આપણને આપેલ છે, તે ઉપદેશને દેશકાળને અનુસરીને આપણે જો જગત પાસે નહિ મૂકીએ, આપણા જીવનમાં પણ નહિ ઉતારીએ, જીવનમાં ઉતાર્યા વિના ફક્ત ધર્મ ધર્મની વાતો કરશું તો એવો ધર્મ પણ આપણને કયાં સુધી બચાવશે? ભારતના જૂદા જૂદા ધર્મોએ પણ પોતાનું કર્તવ્ય સમજી લેવાનો આ કટોકટીનો સમય છે. ભારતમાં જૂદા જૂદા કાળમાં ધર્મનો ઉદ્ધાર કરનાર યુગપુરુષો જન્મ્યા છે, ધર્મમાં દેશકાળને લીધે દાખલ થયેલ વિકૃતિનું સંશોધન કરી ધર્મને તેના શુદ્ધ સનાતન સ્વરૂપમાં મૂકેલ છે. હાલમાં પણ એવા આધ્યાત્મિક અંતર્ગત પ્રવાહો ચાલી રહ્યા છે, એટલે અમને શ્રદ્ધા છે કે ભારત દેશનો અભ્યુદય થશે જ થશે.

રાજકીય સ્થિતિ કરતાં પણ આપણી આર્થિક સ્થિતિ વધારે વિષમ છે. માણસોને પૂરું ખાવાનું મળતું નથી. પહેરવાના વસ્ત્રો મળતાં નથી. રહેવાની જગ્યાઓ મળતી નથી. તેમાં પણ આપણા મધ્યમ વર્ગની સ્થિતિ ઘણી શોચનીય છે. જૈન સમાજનો મોટો ભાગ મધ્યમ અને ગરીબ વર્ગનો છે. સંખ્યાના પ્રમાણમાં શ્રીમંત જૈનો ઓછા છે, ભાગ્યે જ પાંચ દશ ટકા હશે. ઘણા માણસોને પોતાની આબરુ સાચવવા ખોટો દેખાવ કરવો પડે છે. જૈનોમાં શ્રમજીવી કારીગર કે મજૂર વર્ગ નથી. મોટો ભાગ પરચુરણ ધંધો કરનાર કે નોકરી કરનાર છે. ઘરમાં એક રળનાર અને બીજા ખાનાર હોય છે. આ કાળ તો મૂડીવાદીઓ અને મજૂરોનો છે. પૈસાને જોરે મૂડીવાદીઓ પૈસા વધારી શકે છે, મહેનત કરી મજૂરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કારીગરો આજીવિકા ચલાવી શકે છે. ઘરમાં ઘણાખરા રળે છે, ખર્ચ પણ મર્યાદિત હોય છે, ખાવાપીવાની કે પહેરવેશની ખોટી ફાલાફેલ મજૂર વર્ગમાં હોતી નથી. એટલે મધ્યમ વર્ગ જ બંને વર્ગ વચ્ચે પીસાતો આવે છે. આ સ્થિતિનું આપણને ભાન થયું છે, અને તે સુધારવા પ્રયાસો થાય છે, તે એક આવકારદાયક વાત છે. પણ હજુ સુધારો સર્વાંગી થયો નથી. તે સુધારવામાં ઘણા અંતરાયો નડે છે. આપણો મૂડીદારવર્ગ અને તેમાં ખાસ કરીને સટ્ટો કરનાર અને કાળાબજાર કરનારા પૈસાદારવર્ગ જાણ્યેઅજાણ્યે સમાજને ઊંધે રસ્તે વાળે છે. તે પોતાના પૈસાનું પ્રદર્શન કરે છે, લગ્ન આદિ પ્રસંગોમાં ઘણું દ્રવ્ય ખર્ચે છે, એટલે મધ્યમ વર્ગના માણસોને પણ તેમની પછવાડે ખેંચાવું પડે છે. જ્યાંસુધી ન્યાત-જાતના અને ધર્મના બંધનો છે ત્યાંસુધી શ્રીમંત માણસોએ પણ ન ભૂલવું જોઇએ કે સમાજના સર્વ માણસો-મધ્યમ અને ગરીબ સાથે તેઓનું ભાવી સંકળાએલું છે. તેઓના ઉદ્ધારમાં જ શ્રીમંતોનું શ્રેય છે, માટે ખોટા ખર્ચો કરી ખોટો દાખલો બેસાડવો તેમાં સમાજનું કે તેઓનું પણ હિત નથી. મધ્યમ વર્ગના માણસોએ પણ પોતાનું શેમાં હિત છે તે સમજવું જોઇએ. ખોટા ખર્ચો કાઢી નાખવા જોઇએ. દરેક માણસ પોતાનો ઉપજ ખર્ચનો હિસાબ જોશે તો જણાશે કે ઘણા એવા ખોટા ખર્ચો ઓછા કરી બચાવ કરી શકે તેમ છે. ઘરના બીજા માણસોએ પણ યથાશક્તિ ખર્ચમાં બચાવ કરવા અને ઘરની ઉપજમાં ઉમેરો કરવા પોતે પગલાં લેતાં શીખવું જોઇએ. શરીરને તંદુરસ્ત રાખવા અને ઊગતા સંતાનોને પૌષ્ટિક ખોરાક-અન્ન પૂરું પાડી સુદૃઢ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. આપણા ધર્મમાં આહારવિહારના એવા સુંદર નિયમો બતાવ્યા છે કે જો ગૃહસ્થ માણસ તે પ્રમાણે ચાલે તો નૈતિક અને આધ્યાત્મિક શુભ પરિણતિ ઉપરાંત શારીરિક અને માનસિક તંદુરસ્તી મેળવી શકે, પણ અત્યારે જે ઉપદેશ આપવામાં આવે છે, જે ક્રિયામાર્ગ ઉપર સમાજને દોરવામાં આવે છે તેમાં પલટાયેલા દેશ-કાળ અને સંયોગો તરફ લક્ષ્ય આપવામાં આવતું નથી. પરિણામ એ આવે છે કે-શ્રાવક નથી થતો સ્વાવલંબી કર્તવ્યશીલ સેવાભાવી સાચો શ્રાવક, કે નથી બનતો વ્રતધારી મુમુક્ષુ-સાધક. સાધુ અને શ્રાવકના જીવનમાં એક બીજાના કર્તવ્ય-ધર્મની ખોટી અસર થાય છે, પરિણામે બંને પોતાના ધર્મ-કર્તવ્યમાંથી સ્ખલિત થતાં જોવામાં આવે છે. સમાજના ચિંતકોએ, ઉપદેશકોએ અને સાધુ મહારાજાઓએ આ તમામ વસ્તુસ્થિતિ વિચારી લેવાની છે. નૂતન વર્ષમાં આપણે પ્રભુ પાસે પ્રાર્થના કરીએ કે આવા ક્રાંતિકારી વિષમ કાળમાં સમાજનો અભ્યુદય થાય એવો શુભ માર્ગ અમને પ્રાપ્ત થાય.

આપણી સામાજિક સ્થિતિ પણ ઘણો વિચાર માગે છે. આપણામાં સંગઠન નથી, એકતા નથી, અંદર અંદરના વિખવાદો છે, ગૃહસ્થો કે સાધુઓમાં એક રાગ નથી, અહં અહંભાવ સર્વત્ર વર્તે છે. લગ્ન આદિ સામાજિક ક્ષેત્રોમાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંકુચિતા છે. આપણામાંથી હજુ નાતના ઘોળો ગયા નથી. પેટાજ્ઞાતિઓના ભેદો ચાલુ છે. જૂદા જૂદા પ્રાંતોના અને જુદા જુદા જ્ઞાતિના જૈનો એક જ છે, લગ્નાદિ વહેવાર પારસીઓમાં છે તે પ્રમાણે છૂટથી એક બીજા સાથે કરી શકે છે તેવી સાર્વત્રિક ભાવના સામાન્ય જોવામાં આવતી નથી. પરિણામ એ આવે છે કે-ક્રાંતિકારી વિચારના માણસો પોતાને ગમે ત્યાં ગમે તે ન્યાત કે ધર્મવાળા સાથે વિવાહ આદિ સંબંધ કરી લે છે, અને તેથી આપણો સમાજ દિનપ્રતિદિન શક્તિશાળી માણસો ખોવે છે. અત્યારના કાળમાં અને સંજોગોમાં આપણે આપણામાં એકતા સાધવાની જરૂર છે એટલું જ નહિ પણ બીજા ભારતવાસીઓ અને અન્ય માણસો સાથે પણ સહકારમાં રહેતા શીખવાની જરૂર છે. આપણો સંબંધ હવે આપણા પ્રાંત કે દેશ પૂરતો રહેતો નથી. આખા જગત સાથે થતો જાય છે, તેવા સમયમાં અલગતાવાદ ન પાલવે. આપણો ધર્મ તો ઘણો વિશાળ ભાવનાવાળો છે. સર્વ જીવોને આત્મા તરીકે સરખા માને છે. સર્વને માટે નિઃશ્રેયસ-મોક્ષના માર્ગ ખુલ્લા બતાવે છે. વિશ્વબંધુત્વ ભાવના ભગવાન મહાવીરના ઉપદેશનો પાયો છે. આપણે સાચો ધર્મ સમજ્યા નથી, સમજતા નથી, આપણને સમજાવવામાં આવતો નથી. એટલે આપણે સુંકુચિતતા દાખલ કરેલ છે. અને બીજા ધર્મવાળા સાથે આપણે એકતા સાધી શકતા નથી. કાળ બદલાયો છે. આપણે પણ સમાજ અને ધર્મના ક્ષેત્રમાં વિશાળ દૃષ્ટિ કેળવવાની જરૂર છે.

આપણે આપણી હાલના રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિનો વિચાર કર્યો. હવે ગયા વર્ષમાં જૈન જગતમાં બનેલ મુખ્ય મુખ્ય પ્રસંગોનું સંક્ષિપ્તમાં દિગ્દર્શન કરીએ. મારવાડના ફાલના ગામમાં શ્રી શ્વેતાંબર જૈન કોન્ફરન્સનું સત્તરમું અધિવેશન શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરની છાયા નીચે ભરાયું હતુ. તેના ઉદ્ઘાટન પ્રસંગે શેઠશ્રી કસ્તૂરભાઈએ મનનીય ભાષણ કર્યું હતું. અને શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલે પ્રમુખ તરીકે બિરાજી અધિવેશનનું સફલ સંચાલન કર્યું હતું તેમાં જૂના અને નવા વિચારવાળાઓએ પણ એકતા સાધી હતી. આ અધિવેશનનો સવિસ્તર હેવાલ "પ્રકાશ" માસિકના ફાગણના અંકમાં આપવામાં આવ્યો છે.

આ સાલમાં કોન્ફરન્સનું અધિવેશન સોરઠ-જૂનાગઢમાં ભરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. જૂનાગઢમાં ભરાનાર અધિવેશન પણ આ કટોકટીના કાળમાં સમાજ અને ધર્મને માર્ગદર્શક બને, સમાજના હિતચિંતકો એકઠા મળી સમાજસુધારણાની વ્યવહારુ યોજના ઘડી અમલમાં મૂકે એવી આપણી પ્રાર્થના છે. કોન્ફરન્સ એક જ એવી સંસ્થા છે કે જ્યાં જૂદા જૂદા પ્રાંતોના જૂદા જૂદા વિચારશ્રેણી ધરાવનાર જૈન આગેવાનો એકઠા મળી વિચાર કરી શકે છે, માટે આ કોન્ફરન્સને ફતેહમંદ કરવા સર્વ સમાજચિંતકોનું કર્તવ્ય છે તે ભૂલવાનું નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડા જ વખત પહેલા ભાવનગર શહેરના અગ્રગણ્ય ઉદાર મીલમાલેક શેઠ શ્રી ભોગીલાલભાઈએ ભાવનગરમાં વાણિજ્ય વિદ્યામંદિર( કમર્શીયલ સ્કૂલ ) કાઢવા માટે એક લાખ જેવી મોટી રકમ વાપરવાની જાહેરાત કરી છે. તે વિદ્યાલયના મકાનનો પાયો નાંખવાની ક્રિયા સૌરાષ્ટ્ર સરકારના મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઈને હાથે કરવામાં આવી હતી. એક ભવ્ય મેળાવડો કરવામાં આવ્યો હતો. તેનો ટુંક હેવાલ આ અંકમાં આપવામાં આવ્યો છે. શહેર ભાવનગર અને જૈન સમાજ ભોગીલાલભાઈ જેવા ગૃહસ્થ માટે ઘણું માન ધરાવે છે.

ગતવર્ષમાં અનેક સ્થળે શાસનના ઉદ્યોતના પ્રસંગો યોજવામાં આવ્યા હતા, અને ભાવિક જૈનોએ પૈસા ખર્ચવામાં પણ પાછી પાની કરી ન હતી. શ્રી મહુવા મુકામે નવા બંધાયેલ જિનાલયની અને અંજનશલાકા પ્રતિષ્ઠા સ્વ. આ. મ. વિજય-નેમિસૂરીશ્વરના વિદ્વાન શિષ્યો આ. શ્રી વિજયદર્શનસૂરિ, આ. શ્રી વિજયોદયસૂરિ-મહારાજ આદિની નિશ્રામાં કરવામાં આવી હતી. તે પ્રમાણે કદંબગિરિ ઉપર પણ પ્રતિષ્ઠા અને અંજનશલાકા ધામધૂમથી કરવામાં આવ્યાં હતાં, અને સ્વર્ગસ્થ આ. મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના ઉપદેશથી આરંભાયેલ પણ બાકી રહેલ કામો તેઓશ્રીના વિદ્વાન શિષ્યો અને શ્રીમંત ભક્તોએ પૂરાં કર્યાં હતાં. તે પ્રમાણે વઢવાણમાં પણ ઘણી ધામધુમથી પ્રતિષ્ઠા અને અંજનશલાકા કરવામાં આવ્યાં હતાં. ગયા વર્ષમાં વિજાપુર મુકામે સ્વ. યોગનિષ્ઠ આ. શ્રી બુદ્ધિસાગરજીની રજતજયંતિ મહોત્સવપૂર્વક ઉજવવામાં આવી હતી. ભારતીય સ્વયંસેવક પરિષદનું અધિવેશન માળવામાં રાજગઢ મુકામે સફળતાપૂર્વક ભરવામાં આવ્યું હતું.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા** અને **શ્રી જૈન ધર્મ પ્રકાશ** માસિકે ગયા વર્ષમા જે યત્કિંચિત્ સેવા કરેલ છે, તેનો હવે ઉલ્લેખ કરવામાં આવે છે. સભા તરફથી ભાઈશ્રી મોતીચંદ કાપડીયાને માનપત્ર એક ભવ્ય મેળાવડો યોજી આપવામાં આવ્યું હતું, જેનો સવિસ્તર હેવાલ ગયા ૨૦૦૬ ના વર્ષના પોષ-મહાના સંયુક્ત અંકમાં આપવામાં આવ્યો છે. શ્રી મોતીચંદની જૈન સમાજની અજોડ સેવા છે. આ સભાને તેઓશ્રીએ આજીવન સલાહ અને મદદ કરેલ છે 'પ્રકાશ'ને તેમના લેખો ઘણા વર્ષોથી મળ્યા કરે છે, અને તેમની તબીયત બરાબર ન હોવા છતાં અવારનવાર લેખો લખી પ્રકાશને સમૃદ્ધ બનાવે છે. સભાનો બીજો યાદગાર પ્રસંગ તે સ્વ. શેઠ શ્રી કુંવરજીભાઈની આરસપ્રતિમાના અનાવરણનો હતો. આબેહુબ આરસપ્રતિમા બનાવવામાં આવેલ છે. પ્રતિમા તૈયાર કરનાર શિલ્પી શ્રી વાઘે પ્રતિમા ઘડતી વખતે મૂળ આકૃતિ સાથે એકાત્મતા સાધી બનાવી હોય તેમ જોવામાં આવે છે. આરસની પ્રતિમા જોતાં શ્રી કુંવરજીભાઈની આકૃતિનો આબેહુબ ખ્યાલ આવે છે. બહારના ઘણા ગૃહસ્થો પ્રતિમાના દર્શનાર્થે આવે છે, અને એ રીતે સભાનું મકાન એક યાત્રાનું સ્થાન બન્યું છે. આ અનાવરણ વિધિના પ્રસંગનો સવિસ્તર હેવાલ ૨૦૦૬ ના શ્રાવણ માસના અંકમાં આપવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા અગ્રગણ્ય શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલે આ અનાવરણ વિધિ માટે મુંબઈથી પધારી સ્વર્ગસ્થ તરફ પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો છે. સ્વર્ગસ્થના સ્મારકની ભાવના મૂર્તિમંત થાય એવી અમારી મહેચ્છા ઊભી જ છે.

ગયા વર્ષમાં માસિકે પણ ઘણી પ્રગતિ કરેલ છે. અસાધારણ મોંઘવારીના કારણે અનિચ્છાએ લવાજમ વધાર્યા છતાં પણ ગ્રાહકોની સંખ્યામાં ખાસ ઘટાડો થયો નથી, નવા મેંબરો અને ગ્રાહકો પણ થયા કરે છે. ગયા વર્ષમાં માસિકમાં પણ ઉત્તમ લેખો આપવા ઉપરાંત કેટલાક ખાસ અંકો કાઢવામાં આવ્યા હતા, જેમાં માર્ગશીર્ષનો આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજીને ઉદ્દેશીને પ્રકટ થયેલો, પોષ-મહાનો શ્રી મોતીચંદના માનપત્રને લગતો, ફાગણ માસનો ફાલના કોન્ફરન્સના અંગેનો, જેઠ મહિનાનો આ. મ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી કાળધર્મ પામ્યા અંગેનો અને શ્રાવણ માસનો સ્વ. કુંવરજીભાઇની આરસપ્રતિમાના અનાવરણ પ્રસંગનો–આ બધા અંકો ધ્યાન ખેંચે તેવા છે. ફોટાઓના બ્લોકો પણ આપવામાં આવ્યા છે. જૂજ ત્રણ રૂપિયા જેવી નજીવી કિંમતમાં આવું ઉત્તમ ઉપયોગી આકર્ષક ધાર્મિક સાહિત્ય પૂરું પાડવામાં આવે છે, તેનો લાભ સુજ્ઞ બંધુઓએ અવશ્ય લેવા જેવો છે. આપણા સમાજમાં ઉચ્ચ કેળવણી લીધેલા જૂદા જૂદા વિષયોના સ્નાતકો ( ગ્રેજ્યુએટો ) થયેલા, શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવા સ્થાનમાં અભ્યાસ કરી વ્યવહારમાં આગળ વધેલા ગૃહસ્થો પણ જૈન સંસ્કૃતિ–જૈન સાહિત્ય જેવા વિષયોનો મનનપૂર્વક અભ્યાસ કરતા નથી, અને આ પલટાતા દેશકાલમાં જૈન સંસ્કૃતિ અને ધર્મને યોગ્ય સ્થાન મળે એવું સાહિત્યનું સર્જન કરવા યથાશક્તિ પ્રયાસ કરતા નથી, તે કેળવાયેલ વર્ગ માટે શોભાસ્પદ નથી. જૈન સમાજની પણ ફરજ છે કે બીજા ક્ષેત્રોમાં જે અઢળક દ્રવ્ય અર્પવામાં આવે છે તે દ્રવ્યનો થોડો ઘણો ઉપયોગ આવા શાસનપ્રભાવક ક્ષેત્રમાં કરવો જોઇએ. યોગ્ય વિદ્યાર્થીને બનતી આર્થિક અને હાર્દિક મદદ આપવી જોઇએ. સમાજમાં માનવંતું સ્થાન આપવું જોઇએ, જેથી જૈનધર્મ એક જીવંત પ્રેરણાદાયી વિશ્વધર્મ થઇ શકે. ચાલતા પ્રવાહમાં તણાવાથી આવી સિદ્ધિ પ્રાપ્ત થવાની નથી. આ વિષયને લગતા ગયા વર્ષના નૂતન વર્ષના લેખમાં અમે આપણા અગ્રગણ્ય શેઠશ્રી કસ્તુરભાઇના વચનો ટાંકયા હતા, તે ફરી વાર વાંચી જવા અને અમલ કરવા વાંચકો પ્રત્યે અમારી વિજ્ઞપ્તિ છે.

આસો માસના માસિકમાં અંતે પ્રસિદ્ધ થયેલ ગદ્ય પદ્ય લેખોની અનુક્રમણિકા લેખકોના નામ સાથે પ્રસિદ્ધ કરેલ છે. સ્થળસંકોચને કારણે તે સંબંધી વિશેષ વિવેચન ન કરતાં સર્વ લેખકોનો આભાર માનવામાં આવે છે, અને નવા વર્ષમાં પણ ઉપયોગી સાહિત્ય તેઓના તરફથી અવારનવાર મળતું રહે એવી અમારી વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનપંચમીનું રહસ્ય અને જ્ઞાનનું માહાત્મ્ય

લેખકઃ—મુનિશ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

**આપણા સમાજમાં** નૂતન વર્ષના પ્રારંભકાલમાં **જ્ઞાનપંચમી** બહુ જ મહત્વનું પર્વ આવે છે. પ્રાયઃ આબાલવૃદ્ધ આ પર્વની ઉપાસના કરે છે. હું ન ભૂલતો હોઉં તો સંવત્સરી મહાપર્વ પછી આબાલવૃદ્ધ જે અપૂર્વ ઉત્સાહથી આ પર્વમાં ભાગ લે છે તે ખૂબ જ પ્રશંસનીય છે.

જ્ઞાનપ્રાપ્તિ માટે જ્ઞાનાંતરાય તોડવું જ પડે છે અને એનું સાધન જ્ઞાનપંચમીનું આરાધન છે. જ્ઞાનપંચમીના આરાધનથી વરદત્ત અને ગુણમંજરી જ્ઞાનાંતરાય તોડે છે, તેઓ સમ્યગ્જ્ઞાન મેળવે છે અને આખરે ચારિત્ર સ્વીકારી કઇ રીતે સિદ્ધબુદ્ધ બને છે, પરમ જ્ઞાની બની મુક્તિએ પહોંચે છે તે એ દૃષ્ટાંત આપણને સમજાવે છે.

આપણને આ દૃષ્ટાંતથી શીખવાનું એ મળે છે કે-કોઇ પણ જ્ઞાન કે જ્ઞાનીની આશાતના ન કરવી; જ્ઞાન કે જ્ઞાનોપગરણ, જ્ઞાની કે જ્ઞાનોપાસકનો અનાદર-અપમાન કે તિરસ્કાર ન કરવાં. બની શકે એટલી જ્ઞાનીની સેવા, ભક્તિ, વિનય અને બહુમાન કરવાં. એમને જ્ઞાનનાં શુદ્ધ ઉપગરણો પૂરાં પાડવા, એમને જ્ઞાનપ્રાપ્તિના સાધનો આપવા અને ભણવા, વાંચવા, વિચારવાની અનુકૂલતા કરી આપવી. તેમજ આપણી પાસે જ્ઞાન હોય તો વિનાસંકોચે બીજાને આપવું. જ્ઞાન આપતાં ગમે તે કષ્ટ પડે પણ આનંદથી જ્ઞાન આપવું; એમાં કદીયે સંકોચ ન કરવો કે દીલની ચોરી ન કરવી.

જ્ઞાન એ તો સૂર્યના પ્રકાશ જેવું તેજસ્વી છે. અંતરના અજ્ઞાનાંધકારને છેદીભેદી નાંખશે. જ્ઞાન એ તો શરદ્ પૂર્ણિમાના પૂર્ણ ચંદ્ર જેવું અમૃત વરસાવનાર છે. આપણા અંતરના કષાયને શીતલ કરશે, અરે! તમને એના અમૃતભર્યા કિરણોથી પરમ સમભાવી, સહિષ્ણુ, ઉદાર, ક્ષમાશીલ અને પ્રિયંવદ બનાવશે. જ્ઞાન એ તો વ્હેતી નિર્મલ ગંગાની જેમ તમારા અંતરના મેલ ધોઇ નાંખશે. ઇર્ષ્યા-અસૂયા-કલહ-દ્વેષનો નાશ કરશે, તમને પુનિત બનાવશે, સ્થિતપ્રજ્ઞ બનાવશે, તમને સ્વયંપ્રભ બનાવશે, અરે! એ તો તમને જગદ્વંદ્ય બનાવશે. જ્ઞાન એ તો મહાન્ અપૂર્વ કલ્પવૃક્ષ છે. તમારી મનોસાધના સિદ્ધ કરી આપશે, તમારી મનઃકામના પરિપૂર્ણ કરી આપશે, તમારી અભિલાષાઓ શાંત કરશે પણ યાદ રાખજો આ જ્ઞાનરૂપી કલ્પવૃક્ષ તમને સંતોષરૂપી ફલ આપશે, તમારી મનઃકામનાઓ જીતાઇ જશે, ઇંદ્રિયોના ઘોડા શાંત થઇ જશે, કામાનલ ઠરી જશે. ઇચ્છાઓ, કલ્પનાઓ, સંકલ્પવિકલ્પો બળીને ભસ્મીભૂત થઇ જશે. આ છે અપૂર્વ જ્ઞાન-કલ્પવૃક્ષનો પ્રતાપ.

જ્ઞાનપંચમીનું મહાપર્વ આપણને શીખવે છે કે જ્ઞાન અને જ્ઞાનીની સેવા, ભક્તિ, વિનય કરો. જ્ઞાનાવરણીય તોડવા માટે બાહ્ય અને અભ્યંતર તપ કરો. જ્ઞાનની રક્ષા કરો. જ્ઞાનના સાધનો સંભાળો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ તો દરેક જ્ઞાનપંચમીએ પુસ્તકોનાં કપાટો ઉઘડે છે, ભંડારો ઉઘડે છે, ધૂપ દીપ થાય છે, થોડાં પુસ્તકો બહાર આવે છે, પરંતુ પ્રાચીન હસ્તલિખિત પોથીઓ કે તાડપત્રીય પોથીઓની પૂરી સંભાળ પણ નથી લેવાતી.

કેટલેક ઠેકાણે તો પુસ્તકો ઉધેઇના કીડાના ભોગ બને છે, અનેક બીજી જીવાતો લાગે છે; પરન્તુ એ બહુમૂલ્ય પ્રાચીન અપૂર્વ પુસ્તકોની સંભાળ લેવાતી નથી. આજે આ પ્રવૃત્તિ સુધારીને વિસ્તૃત કરવાની જરૂર છે. સાથે આપણે જ્ઞાનનું મહત્વ પણ સમજવા જેવું છે.

ज्ञानं स्यात् कुमतांधकारतरणी ज्ञानं जगल्लोचनं,
ज्ञानं नीतितरंगिणीकुलगिरिर्ज्ञानं कषायापहं ।
ज्ञानं निर्वृत्तिवश्यमंत्रममलं ज्ञानं मनःपावनं,
ज्ञानं पंचविधं यजेहमनिशं स्वर्गापवर्गप्रदम् ॥

જ્ઞાન કુમતરૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્ય સરખું છે, જ્ઞાન એ જગતના જીવોનું નેત્ર છે, જ્ઞાન એ નીતિરૂપી ગંગાની ઉત્પત્તિ માટે કુલગિરિ-હિમાચલરૂપ છે, જ્ઞાન એ કષાયોને દૂર કરવા માટે સમર્થ છે, જ્ઞાન એ નિવૃત્તિને વશ કરવા માટે અદ્ભૂતમંત્ર તુલ્ય છે, જ્ઞાન એ મનને પવિત્ર કરનારું છે, એ જ્ઞાન પાંચ પ્રકારનું છે અને સ્વર્ગ ને મોક્ષને આપનારું છે. આવા જ્ઞાનની હું પૂજા-ઉપાસના કરું છું.

અર્થાત્ જ્ઞાન એ તો બધી રીતે આ જીવને ઉપકાર કરનાર છે. જ્ઞાન એ આત્માનો જ મૂલ ગુણ છે-મૂલ સ્વભાવ છે. જ્ઞાનની પ્રશંસા જ્ઞાનીઓએ યથાર્થ રીતે કરી છે. વાંચો-

કરમ તિમિરભર ટાળવા, જ્ઞાન તે અભિનવ સૂર;
જ્ઞાની જ્ઞાનબળે લહે, સ્વપરસ્વભાવ પડૂર. ॥ ૧ ॥
શ્રદ્ધામૂળ ક્રિયા કહી, તેહનું મૂળ તે જ્ઞાન;
તેહથી શિવસુખ બહુ જના, પામ્યા ધરી એકતાન. ॥ ૨ ॥

હજી આગળ એ જ મહાત્મા કહે છે—

" અક્ષય સુખ આધાર જે, ધ્યાન કલ્પતરુ મૂલ;
તરણ હેતુ શ્રુતજ્ઞાન છે, શિવસુખને અનુકૂળ. "
" નાણપદ આરાધી અપ્પા, નાણથી નિરવાણ રે;
નાણથી અજ્ઞાણ નાસે, નાણ અખય નિહાણ રે. "
" શુદ્ધ જ્ઞાનાનંદી ચેતન, કર્મ કરે ચકચૂર રે;
મિથ્યાત્વ ઘોર અંધાર ટાલણ, જ્ઞાન અભિનવ સૂર રે.
જ્ઞાનપૂર્વક જેહ કરણી, તે હરે સવી દુઃખ રે;
જ્ઞાન અમૃત પાન કરતાં, પ્રગટ ભવિ લહે સુખ રે. "

જ્ઞાનભક્તિનું ફળ જણાવતાં, આ જ મહાત્મા કહે છે—

જ્ઞાનભક્તે તીર્થપતિ પદ, જય નૃપ લહી સાર રે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજી પણ એ જ મહાત્મા જ્ઞાનનું મહત્ત્વ જણાવતાં કહે છે કે—

સમકિતદૃષ્ટિ સંજમી, અપ્રમત્ત શુભ ચિત્ત;
સૂત્ર અરથ નિત નવનવ, ભણતાં હોય પવિત્ત. ૧
તત્ત્વજ્ઞાન ચિંતન ભણી, લય લાગી જસ ચિત્ત;
તે મુનિવર ભવ કોડનાં, કરમ ખપાવે નિત. ૨

જ્ઞાનનું તેજ અને મહિમા હજી પણ ગ્રંથકાર આ પ્રમાણે કહે છે—

"અપૂરવ જ્ઞાન ભણે બહુ નિર્જરા રે, સમકિત નિરમલ તેહથી થાય રે;
તત્ત્વ પ્રકાશે જડતા સવિ ટળે રે, આતમશકિત અનંત સુહાય રે.
અજ્ઞાની બહુ કોડો વરસે કરી રે, કરમ ખપાવે જેટલું આપ રે;
જ્ઞાની ત્રિગુપ્તે શ્વસો તેટલું રે, ક્ષણમાં ખપાવે સંચિત પાપ રે.
છટ્ઠ અઠ્ઠમ ચઉ પણ ઉપવાસથી રે, કરમ અનાણી ટાળે જેહ રે;
તેહથી અનંતગુણ શુદ્ધિ જ્ઞાનીને રે, ભોજન કરતાં નિત હોય એહ રે."

અહો ! શું સુંદર જ્ઞાનનો મહિમા છે. આપણે જ્ઞાનાનંદથી વંચિત જ છીએ એમ કહીયે તો ચાલે. વાંચો જ્ઞાનનો પ્રતાપ.

"જ્ઞાન અકારણ બંધુ જીવને રે, કરમ કઠિન તમ ટાલણ [1]ભાણ રે;
સંસારસાગર તારણ [2]તરી સમો રે, નાણથી લહિયે પદ નિરવાણ રે."

આનો અર્થ કોઇ મહાનુભાવ એવો ન કરે કે-હું એકાંત જ્ઞાન માર્ગ-જ્ઞાનવાદને જ મુખ્ય માનું છું. જ્ઞાન સાથે સંયમ-ત્યાગ વગેરે જોઇશે જ અને જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન જ સમજવાનું છે. ખુદ ગ્રંથકાર પણ હજી લખે છે કે—

"જ્ઞાન રહિત કિરિઆ ખજુઆ સમી રે, કિરિઆ વિણ નાણ તે જલહલ ભાણ રે;
દેશ આરાધક કિરિઆ નિધિ કહ્યો રે, સરવ આરાધક નાણ [3]પહાણ રે."

જ્ઞાનનું આટલું મહત્ત્વ શા માટે છે તે વાંચો.

"શ્રુતથી શુભ મતિ સંપજે, શ્રુતથી જાય વિકાર;
શ્રુતવાસિત જાણે ભલા, તત્ત્વાતત્ત્વ વિચાર."
"શ્રુતજ્ઞાની સંસારનો, તરી પામે ભવપાર;
શ્રુતવિણ ભૂલા પ્રાણીયા, ઇત ઉત ફિરે સંસાર."

અલ્પજ્ઞની પ્રવૃત્તિ કેવી છે તે પણ વાંચો.

"અલ્પાગમ જઈ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે;
ઉપદેશમાળામાં કિરિયા તેહની, કાયકલેશ તસ હુંત રે."

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા તો કહે છે—

૧ સૂર્ય. ૨ વ્હાણ. ૩ પ્રધાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"સકલ ક્રિયાનું મૂલ જે શ્રદ્ધા, તેહનું મૂલ જે કહિયે;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો કિમ રહીયે ?"

× × ×

"બહુ કોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાને *જેહ,
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ.
નાણ સ્વભાવ જે જીવનો, સ્વપરપ્રકાશક તેહ,
તેહ નાણ દીપક સમું, પ્રણમો ધર્મ સ્નેહ"

હજી આગળ વાંચો—

સબમેં જ્ઞાનવંત વડવીર, કાટે સકલ કરમ જંજીર.

જ્ઞાનને કેવું જોરદાર અને પ્રતાપી કહ્યું છે, તે પણ વાંચો—

" अखिलवस्तुविकासनभास्करं मदनमोहतमस्सुविनाशकम् ॥ "

સમસ્ત વસ્તુઓના પ્રકાશમાં સૂર્ય સમાન અને મદન-મોહરૂપ અંધકારને નાશ કરનારું જ્ઞાન છે.

"અજ્ઞાની વર્ષ એક કોટીમેં, કરમ નિકંદન ભારેમેં;
જ્ઞાન શ્વાસ એકમેં, ઇતકે કરમ વિદારેમેં."

હજી પણ સમ્યગ્ જ્ઞાનનો મહિમા અને પ્રતાપ વાંચી આપણે બધા જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ થઈએ.

" ज्ञानाद् विदंति खलु कृत्यमकृत्यजातं । ज्ञानाचरित्रममलं च समाचरन्ति ॥
ज्ञानाच्च भव्यभविनः शिवमाप्नुवन्ति । ज्ञानं निदानमखिलोत्तमशर्मलक्ष्म्याः ॥ "

જ્ઞાનથી કૃત્ય ને અકૃત્ય વસ્તુસમૂહનું જ્ઞાન થાય છે. જ્ઞાનથી નિર્મલ-ઉજ્વલ ચારિત્રનું પાલન થાય છે. જ્ઞાનથી ઉત્તમ ભવિ જીવો મોક્ષસુખ-શિવમાર્ગ પ્રાપ્ત કરે છે અને જ્ઞાન એ તો ઉત્તમ સુખલક્ષ્મી-શિવલક્ષ્મી પામવાનું પરમ સાધન છે.

निर्वाणपदमप्येकं भाव्यन्ते यन्मुहुर्मुहुः । तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥

મોક્ષના સાધનભૂત એક પદની પણ-વચનની પણ જે વારંવાર ભાવના કરાય છે તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. તાત્ત્વિક જ્ઞાન થોડું પણ બસ છે. પછી વધારે માટે આગ્રહ નથી.

पीयूषमसमुद्रोत्थं, रसायनमनौषधम् । अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ॥

---

* આની સામે નીચેનું પદ્ય મૂકી શકાય તેમ છે-" સમકિત વિણ નવ પૂરવી; અજ્ઞાની કહેવાય " કિન્તુ હું જે જ્ઞાનનું માહાત્મ્ય આપું છું તે સમ્યગ્જ્ઞાન માટે જ છે. હવે ક્યાંય વિવાદનું સ્થાન નથી રહેતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનને સમુદ્રથી નહિં ઉત્પન્ન થયેલું અમૃત, ઔષધ વિનાનું જરા ને મરણને હરનાર રસાયન અને ઐશ્વર્ય વગરનું અદ્‌ભૂત ઐશ્વર્ય છે એમ પંડિત પુરુષોનું કહેવું છે.

વસ્તુતઃ સમ્યગ્‌જ્ઞાન એ અમૃત છે, સમ્યગ્‌જ્ઞાન એ તો અપૂર્વ રસાયન અને સમ્યગ્‌જ્ઞાન એ તો અનૂપમ ઐશ્વર્ય-ધન છે. **જ્ઞાનં પરં નિધાનં** કહેવાયું છે.

અજ્ઞાન એ હલાહલ વિષ છે, અજ્ઞાન એ કાળકૂટ છે, અજ્ઞાન એ જ દારિદ્રય છે, અજ્ઞાન એ દુઃખ છે. અજ્ઞાન એ મહાન અંધકાર છે. અજ્ઞાન એ જીવનો મોટામાં મોટો શત્રુ છે. ક્રોધ, માન, માયા કે લોભ કરતાં પણ અજ્ઞાન એ અત્યંત દુઃખપ્રદ છે, માટે તે દૂર કરવા પ્રયત્ન કરી જ્ઞાન મેળવવા પ્રયત્ન કરો.

આ સંસારમાં જ્ઞાન સમાન કોઇ અદ્‌ભૂત દીપક નથી. ત્રણ જગત્‌માં, લોકાલોકમાં પ્રકાશ આપનાર જ્ઞાનરૂપી પ્રકાશ તો જગત્‌વંદનીય છે.

કર્મરૂપી લાકડાંને બાળીને ભસ્મીભૂત કરવાની શક્તિ જ્ઞાનાગ્નિમાં છે.

યાદ રાખજો, આપણી સ્થૂલ દૃષ્ટિઓ, સ્થૂલ પ્રકાશિત-પ્રકાશમાન સાધનો પરિમિત ક્ષેત્રને જ પ્રકાશિત કરશે જ્યારે જ્ઞાનરૂપી દીપક-સૂર્ય-ચંદ્ર જે ગણો તે જ્ઞાનનો પ્રકાશ-લોકાલોકને પ્રકાશિત કરવા સમર્થ છે.

**ज्ञानं तृतीयं पुरुषस्य नेत्रं, समस्ततत्त्वार्थविलोकदक्षम् ।**
**तेजोऽनपेक्षं विगतान्तरायं, प्रवृत्तिमत् सर्वजगत्त्रयेऽपि ॥**

જ્ઞાન એ તો પુરુષનું ત્રીજું નેત્ર છે, જે સમસ્ત તત્ત્વના અર્થને જોવામાં-નિરીક્ષણમાં દક્ષ છે, બીજા કોઇની અપેક્ષા વિના તેજપુંજ છે, અંતરાય-આચ્છાદન રહિત છે અને ત્રણ જગત્‌માં તેની પ્રવૃત્તિ છે; માટે દરેક મુમુક્ષુઓએ **ज्ञानाभ्यासः सदा कार्यः ।**

માનવજન્મરૂપી હીરાના વિવિધ પાસાઓની પરીક્ષામાં જ્ઞાન એ જ સફલ ઝવેરી છે. માનવજન્મરૂપી ગુલાબના પુષ્પનો એ મધુકર છે. જ્ઞાન એ તો પ્રેમ-પયોનિધિનો અપૂર્વ અનુપમ રાજહંસ છે અને કર્મજ્વરને શાંતિ કરનાર અપૂર્વ સુધાકર છે.

આવું જ્ઞાન-સમ્યગ્‌જ્ઞાન ખૂબ ખૂબ ભણો, ભણાવો અને સ્વયંપ્રભ બની, સ્થિતિપ્રજ્ઞ બની, સિદ્ધબુદ્ધ ને મુક્ત બનો.

જ્ઞાન અને જ્ઞાનીની આશાતના-અનાદર કે નિંદા કદીયે ન કરશો, જ્ઞાન અને જ્ઞાનીનો યશોવાદ ગાજો, જ્ઞાન અને જ્ઞાનીનાં ગુણગાન ગાજો, જ્ઞાન અને જ્ઞાનીની સેવાભક્તિ-આદર-વિનય કરજો જેથી સમ્યગ્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર પામી શિવસુખ મેળવશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મવિકાસ

લેખક—'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ, માલેગામ

કોઇ શ્રીમાન ગૃહસ્થ પોતાના મહેલમાં બેઠો હોય અને લોકો પાસે કરગરી કહે કે–હું નિર્વાસિત છું. મને રહેવા માટે એકાદ ઝુંપડું આપો. અગર પોતાના ધનના ઢગલા ઉપર બેઠેલો મનુષ્ય બીજાઓ પાસે એકાદ પૈસા માટે હાથ લાંબો કરી ભિક્ષા માગે અથવા અનાજના ઢગલા ઉપર બેસી રોટલાના કટકા માટે યાચના કરે એવી સ્થિતિ મનુષ્યની થએલી જોવામાં આવે છે. આપણે પોતે કોણ છીએ ? આપણો પોતાનો અધિકાર શું છે ? આપણી ગુપ્ત શક્તિ કેટલી છે એનું ભાન ન હોવાને લીધે મનુષ્ય આપત્તિ ભોગવી રહેલો છે. સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રો અને અનુભવી સંત મહાત્માઓ ઊંચે સ્વરે કહે છે કે–આત્માની શક્તિ અનંત છે. આત્મા ધારે તે ક્ષેત્રમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપી શકે. એ ધારે તો ગમે તે અશકય જણાતું કાર્ય સુલભ કરી શકે અને એ ધારે તો પોતે સર્વજ્ઞ અને ઇશ્વર પણ થઇ શકે. એ નગ્ન સત્ય વસ્તુ છતાં પરિસ્થિતિ તદ્દન ઊલટી જ અનુભવાય છે. માનવ પોતાને પામર માને છે. પોતા પાસે આટલી ગુપ્ત શકિત છે એનું એને ભાન જ નથી. જગતમાં પોતાના વર્તનમાં જરા જેવો યશ મળે છે કે તરત જ તે અહંકારની જાળમાં ફસાઇ જાય છે. એ બધું કર્તૃત્વ અને સિદ્ધિ પોતા તરફ ખેંચી લઇ નવી સિદ્ધિઓનો માર્ગ રૂંધી નાખે છે. જગતમાં મારા જેવો ડાહ્યો બીજો નથી, મને બધું જ જ્ઞાન છે, બધી જ આવડત મારા હીસ્સે આવી છે એવા ભ્રમમાં એ પોતાનો વિકાસ બંધ જ કરી દે છે.

ધારો કે એક ચા પીવાનો વ્યસની છે. ઘડી ઘડી ચા પીએ ત્યારે જ એને શાન્તિ થાય. ચા વગર એનું માથું દુખવા માંડે. એને આપણે કહીએ કે ભાઇ, આટલો ચાનો મોહ તું છોડી ન શકે ? ચા વગર શું મનુષ્ય મરી જાય ? ત્યારે તે હતાશ થઇ કહે કે–શું કરું ? ચા છોડવાની મારી ઘણીએ ઇચ્છા છે પણ મારાથી એ છૂટતી નથી. શું આત્માની જરા શકિત એ ફેરવે તો એ વ્યસન ન છોડી શકે ? અમારી ખાત્રી છે કે, ધારે તો ક્ષણવારમાં એ પોતાનું વ્યસન દૂર ફેંકી દે. અશકય જેવું એમાં શું છે ? અમારા એક મિત્ર હતા, એઓ એક દિવસમાં ૧૮ થી ૨૦ વાર ચા પીએ. સીગારેટો તો જ્યારે જુઓ ત્યારે એમના મ્હોંમાં હોય જ. એઓએ એક દિવસ ધાર્યું અને ખાંડ જ છોડી દેવાનો નિશ્ચય જાહેર કરી દીધો. અને વીસ વાર ચાના કપ ઉડાવનારે કાયમને માટે ચા સિગારેટને દેશવટો આપ્યો ! અમોએ એમને પૂછયું–કાંઇ અગવડ થાય છે ? જવાબમાં એઓએ કહ્યું. નિશ્ચય આગળ કોઇનું ચાલતું નથી. એકાદ બે દિવસ એ વ્યસને મને ફસાવવાનો પ્રયત્ન કરી જોયો, પણ મારી આત્મ–પ્રેરણા આગળ વ્યસન હાર્યું અને કાયમને માટે એ જતું રહ્યું. મતલબ કે, આત્મશક્તિ ફેરવવાનો આપણે નિશ્ચય કરી લઇએ તો પછી બીજાનું કાંઇ જ ચાલતું નથી. આપણે પોતે જ પોતાને પામર માનતા હોઇએ, કાંઇ પણ પરાક્રમનું કાર્ય કરતી વેળા જો આપણે આત્મવિશ્વાસ ખોઇ બેસીએ અને કેમ થશે ? શું થશે ? એવા નમાલા વિચારો કરવાની ટેવ પાડીએ તો આપણાથી કાંઇ પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ શકે નહીં. આપણા એ જાણવામાં છે કે, એકાદ દુર્વ્યસની અને પાપી ગણાતો મનુષ્ય પણ પ્રસંગોપાત તેને અવસર મળતા મોટા સંત-મહાત્મા બની ગએલ છે. બાલપણમાં કેટલાએક નાલાયક ગણાતા મનુષ્યો પાછળથી મોટી પદવીના ધારક થઈ જાય છે. એટલે આમ થશે જ નહીં એમ એકાંતે માની લઇ ઉન્નતિનો માર્ગ જ બંધ કરી દેવો એ ઠીક નથી. માનવ ધારે તો તે પોતાના આત્મામાં રહેલી ગુપ્ત શક્તિઓ ખીલવી શકે અને તેનો ઉચ્ચાંક મેળવી શકે. અશક્ત અને સદાનો રોગી ગણાતો માણસ યોગ્ય આહાર અને મનઃ-સંયમ પાળી આરોગ્યના માર્ગે ચાલે તો બલવાન અને નિરોગી થઇ શકે. વ્યસની માણસ ધારે તો નિર્વ્યસની અને સરળ સજ્જન મનુષ્ય થઇ શકે. મહામૂર્ખ અને અક્ષરહીન માણસ યોગ્ય માર્ગે આગળ વધી આત્માના ગુણો પ્રગટ કરવાનો નિશ્ચય કરે તો કવિ, જ્ઞાની, લેખક થઇ શકે. એવા દાખલાઓ આપણી નજર સન્મુખ પણ થઇ રહેલા આપણને જણાય છે. અહંકારના શિખર ઉપર બેઠેલ કોઇ મનુષ્ય પ્રસંગાનુસાર વિનમ્રભાવે વિનય-મૂર્તિ બની શકે છે, તો આપણે ધારીએ તો આપણા આત્મગત અવરાઇ ગએલા ગુપ્ત ગુણો પ્રગટ કેમ ન કરી શકીએ ?

આત્મા એ દિવ્ય ઝળહળતી જ્યોતિ સમાન છે. વાસ્તવિક એ જ્યોતિની ઉપમા પણ આત્મા માટે નકામી છે, કારણ આત્મા એ અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર્યમય સત, ચિત્ અને આનંદમય પરબ્રહ્મરૂપ છે. એનું વર્ણન શબ્દોમાં થવું અશક્ય છે. કોઇએ તેનું વર્ણન કર્યું નથી અને કરી શકે તેમ છે પણ નહી. એવા રૂપાતીત આત્માને જ્યોતિની ઉપમા આપવી એ ફક્ત આપણા બોધ માટે જ છે. એ જ્યોતિને અનેક આવરણોએ ઢાંકી દીધેલ હોય છે. અને તેથી જ તેના સાચા તેજની કલ્પના આપણે કરી શકતા નથી. જેમ દીવાને કાચની ચિમનીનું આવરણ હોય, તેની ઉપર એકાદ કાગળ જેવા પદાર્થનું આવરણ હોય, તેની ઉપર કાળા કાગળ જેવા પારદર્શક પદાર્થનું આવરણ હોય, કપડાનું આવરણ હોય અને અનુક્રમે લોઢાના પતરાનું ઢાંકણું હોય તો આપણે તે દીવો કેવી રીતે જોઇ શકીશું ? એવી જ રીતે આત્મા પણ આઠ જાતના કર્મરૂપી આવરણોથી ઢંકાએલ હોય છે, તેથી જ આપણે તેનું સ્વરૂપ જોઇ શકતા નથી; માટે જ એવા આવરણોનો ભેદ કરવાની જરૂર છે. એ ભેદવા માટે ખટપટ, પ્રયત્ન કે પરાક્રમ જ ફોરવવાનો રહ્યો. અને એ ખાત્રી રાખવી જોઇએ કે, પ્રયત્નને અસાધ્ય જેવી કોઇ વસ્તુ જ નથી. અશક્ય અને અસાધ્ય એ શબ્દો અજ્ઞાન, પામર અને કાયર પુરુષોના જ કોષમાં હોય. આત્મશક્તિ જાણનારને માટે બધું જ સુશક્ય અને સુસાધ્ય છે. પુષ્પ પહેલા નાની સરખી કળીના રૂપમાં હોય છે, ધીમે ધીમે તેનો વિકાસ થતાં તેનું સુંદર રૂપ જણાય છે. તેના મનમોહક સુંદર રંગ, તેની મૃદુતા, તેની કોમલતા અને તેની દિવ્ય સુગંધ તેના વિકાસ પછી જ ખીલેલી જણાય છે. આત્મવિકાસનું પણ તેમજ છે. આપણે તેનો વિકાસ થાય તેવો જરા પણ પ્રયત્ન આદરીએ નહીં તો કળીના રૂપમાંથી પુષ્પના રૂપમાં તે આવે જ શી રીતે ? માટે જ આત્મવિકાસ માટે પરાક્રમની જ જરૂર છે. એકેક આવરણ આપણે જ્યારે દૂર કરીશું ત્યારે જ ઝળહળતી જ્યોત પ્રગટ થવાનો સંભવ છે. વટવૃક્ષનું બીજ અત્યંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાનું અને સૂક્ષ્મ હોય છે. તેને અનુકૂલ જમીન, પાણી, ઉષ્ણતા અને હવા તેમજ વિકાસ માટે આકાશની અનુકૂલતા મળે છે ત્યારે તે બીજમાંથી વૃક્ષ વધતા હજારો માણસોને આશ્રય અને છાયા આપી શકે એટલો તે વિકાસ પામે છે. જ્યારે એક એકેંદ્રિય ગણાતા વૃક્ષબીજમાં આટલી શક્તિ રહેલી છે તો મનુષ્ય પંચેંદ્રિય કે જેનું મન, બુદ્ધિ વિકાસ પામેલા છે તેના માટે શું અશક્ય હોઇ શકે? એ જોતાં તો માનવને આત્મવિકાસ કરવા માટે વધુ અનુકૂલતા મળેલી છે, પણ એ અનુકૂલતાનો એ ઉપયોગ કરવા ધારે ત્યારે જ એ શક્ય થાય.

લોકોપયોગી કે ધર્માનુકૂલ કોઇ કાર્ય કરવાનું હોય ત્યારે માનવ સ્હેજે કહી દે છે કે—એ કાર્ય આપણાથી નહીં બને. એ મારી શક્તિની બહારની વસ્તુ છે, પણ એ તદ્દન આત્મવંચના હોય છે. જોખમ ટાળવા માટે એ છટકબારી શોધે છે. અને એમ કરી એ આત્મવિકાસનો માર્ગ રૂંધે છે. એકાદ પ્રથમ દર્શને અશક્ય દેખાતું કાર્ય જો એ કરવા જ બેસે છે અને યોગ્ય આત્મશક્તિ ફોરવતા એ બની જાય છે ત્યારે એનો આત્મિક આનંદ વિકસે છે, એને પોતાની શક્તિનું કાંઇક ભાન થાય છે. અને પછી વધુ કાર્ય માટે એ પ્રવૃત્ત બને છે. મારાથી નહીં બને એ ન્યૂનગંડ જ એને કાયર બનાવે છે. એ ન્યૂનગંડ એક વખત દૃઢ થઇ જાય છે તો પછી એની બધી શક્તિઓ શૂન્યવત્ થઇ જાય છે. દરદી જ્યારે એમ માનવા માંડે છે કે, મારું આવી બન્યું છે, હવે એમાંથી હું બચી શકવાનો નથી ત્યારે વૈદ્યના ઉપાયો પણ નિરુપયોગી નિવડે છે. અનુભવી અને સારો વૈદ્ય હોય છે તે દરદીના મન ઉપર અનુકૂલ પરિણામ કરવાની કાળજી રાખે છે. અને દરદી ખામીથી દુરસ્ત થશે એવી એના ઉપર અસર નિપજાવે છે. અને પોતાના ઓસડનો ગુણ આવે એવી ભુમિકા તૈયાર કરે છે. એના મનમાંથી ભીતિની ભાવના કાઢી નાખી એનું મન સુસજ્જ કરી મૂકે છે અને અંતે દરદી સાજો થઇ જાય છે. આત્માની અશક્તિનો ન્યૂનગંડ પહેલા નીકળી જવો જોઇએ. એ નિકળી જવાથી આગળનો માર્ગ સુલભ થઇ જાય છે. આત્માના વિકાસમાં એ મોટો અંતરાય ઉત્પન્ન કરે છે, માટે આપણે પામર છીએ, આપણા હાથે કાંઇ થવાનું જ નથી એવી આત્મઘાતક ભાવના જવી જ જોઇએ.

જગતમાં જે જે મનુષ્યો ચળકયા છે, ધનવાન, વિદ્વાન, કલાકોવિદ, કવિ કે સાધુશ્રેષ્ઠ થઇ જગતને આશ્ચર્યચકિત કરી ગયા છે એટલું જ નહીં પણ તેમનો કીર્તિ—સુગંધ અનેક શતકો વટાવી હજુ પ્રસરી રહેલો છે, તેઓ કાંઇ એવા કાયર મનના નહીં હતા. તેમનો આત્મવિકાસ થવા માટે તેઓએ આત્મઘાતક ન્યૂનગંડ તજેલો હોવો જ જોઇએ. આપણે પણ એ છોડવો જ જોઇએ. એટલું જ નહીં પણ હું પ્રત્યક્ષ મુક્તિ પામેલા મહાન્ સિદ્ધ પુરુષો જેવો જ આત્મા છું—જેઓ મુક્ત થયા છે તેઓ મારા જેવા જ નહીં પણ મારાથી ન્યૂન એવા આત્મા હતા, જ્યારે તેઓ પોતાના આત્માનો પૂર્ણ વિકાસ સાધી શકયા તો હું તે જ કાર્ય કેમ સાધી ન શકું? એવો વિચાર આપણે કરવાથી આપણા વિકાસને ઉત્તેજન મળશે અને આપણો આત્મવિકાસ આપણે સાધી શકીશું. એ વિચારો આપણા મનમાં દૃઢમૂલ થઇ જાય તો આપણો આ સંસારરૂપી પ્રવાસ વધારે સરળ અને સુસહ્ય થઇ જાય. શાસનદેવ આપણા બંધુભગિનીઓને એ સાધ્ય થવામાં સહાયભૂત થાય એ જ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય—વાડીનાં કુસુમો.

## માટીમાંથી માનવ (૩)

લેખક—**શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી.**

### પાંચ સમવાય.

**સમવસરણમાં** પૂર્વાભિમુખે બિરાજમાન ચરમ તીર્થપતિ શ્રી વર્ધમાનસ્વામીએ માલકોશ રાગમાં દેશનાનો આરંભ કર્યો—

ભો ભવ્યલોકો, આ સંસારચક્ર અનાદિકાળથી અસ્ખલિતપણે ચાલી રહ્યું છે અને અનંતકાળ પર્યંત ચાલુ રહેનારું છે. એમાં ભ્રમણ કરનાર જીવો જાતજાતની કરણીઓ કર્યાનો હર્ષ અનુભવે છે અને કેટલીક વાર કાર્યસિદ્ધિથી ગર્વને ધારણ પણ કરે છે છતાં વસ્તુતઃ જોઇએ તો દરેક જીવ એમાં નિમિત્તરૂપ છે અને પ્રત્યેક સિદ્ધિની પાછળ પાંચ કારણનો ઓછોવત્તો સાથ(મુખ્યપણે) ભાગ ભજવી રહેલો હોય છે. દરેક કાર્યની સાધનામાં એ કારણો જ સાચા કરવૈયા છે. છદ્મસ્થ માનવો બાહ્ય દેખાવથી એમાંનાં એકાદને વધુ મહત્ત્વ આપે છે. અરે ! એ એકને જ કર્તા તરીકે આલેખે છે. એ મંતવ્યને વળગી જાતજાતના વિવાદો ખડા કરે છે. એ એકની સત્તા સ્થાપવા રંગબેરંગી યુક્તિઓ ઊભી રહે છે, પણ સંપૂર્ણ જ્ઞાનીની દૃષ્ટિમાં એ આગ્રહ ટકી શકતો નથી.

કેવળજ્ઞાની આત્માઓ પ્રત્યક્ષ અનુભવથી થાલી પીટીને જણાવે છે કે—

**સ્યાદ્‌વાદથી સંપજે, સકલ વસ્તુ વિખ્યાત;**
**સપ્તભંગી રચના વિના, બંધ ન બેસે વાત.**

એકાંતવાદીનો વાણીવ્યાપાર અથવા તો દલીલસંભાર એ બાળકે ખડા કરેલાં માટીના ઘર કે ગંજીપાના પાનાના મહેલ જેવો ક્ષણજીવી છે. અંધપુરુષ એકાદ હાથીના અમુક અવયવને સ્પર્શી સારાયે હાથીનું રૂપ વર્ણવે એવો અધૂરો પ્રયાસ માત્ર છે. તેથી તો નીતિકારોને ભાર મૂકી કહેવું પડયું છે કે—

**'દૃષ્ટિવંત લહે પૂર્ણ ગજ, અવયવ મળી અનેક'**

તો પછી, ભગવંત ! કોઇ કાળવાદી તો બીજો વળી નિયતિવાદી, અને ત્રીજો કર્મવાદી પોતપોતાના મંતવ્યને સાચા ઠરાવતાં ઠેર ઠેર દૃષ્ટિગોચર થાય છે ! અરે ! એ પાછળ ભક્ત ગણના ઝુંડ પણ ભમે છે ! એ સર્વ વૃથા જ છે ને ? એ મત–પ્રવર્તકોને સમ્યગ્‌દૃષ્ટિ છે ખરી ?

ઇંદ્રભૂતિ ગૌતમ ! એ સર્વ વૃથા છે એમ કહેવા કરતાં એ સર્વ એકદેશીય છે એમ વદવું વાસ્તવિક છે. એમાં સર્વાંશે સત્ય નથી જ. એ વાદીઓની વાત અવધારી લઇ, જો જ્ઞાન અને અપેક્ષાપૂર્વક સમન્વય સાધવામાં આવે તો નિતરાં સત્યના દર્શન જરૂર લાધે. કાળવાદી પોતાનો મત પુરવાર કરતાં દાખલા આપે છે—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળે ગર્ભ ધરે જગ વનિતા, કાળે જન્મે પુત્ત રે;
કાળે બોલે, કાળે ચાલે, કાળે ઝાલે ઘર સુત્ત રે.
કાળે દૂધ થકી દહીં થાયે, કાળે ફલ પરિપાક રે;
વિવિધ પદારથ કાળ ઉપાયે, કાળે સહુ થાય ખાક રે.

અર્થાત્ જગતની સારીયે ગતિ કેવલ કાળને આધીન છે. કાળે શું શું નથી કર્યું ? જેના જન્મકાળે ઘંટાનાદ થયાં હતાં અને વધામણાં ઉભરાયાં હતાં એવા ચક્રવર્તી, વાસુદેવ કે રાજાઓને હતા ન હતા કરી નાંખ્યાની નોંધ ઇતિહાસના પાને ક્યાં જોવાતી નથી ભલા ? એથી ઊલટું દરિદ્ર ઘરમાં જન્મેલાને અને પગ ઘસતા મોટા થયેલાને ગાદી પર બેસાડ્યાની નોંધ પણ પ્રાપ્ત થાય છે. બાળપણમાં રમકડે રમતો છોકરો યુવાન વય થતાં જ કોઇ અનેરાં સોણલા સેવતો હોય છે ! એ વેળા પેલા રમકડામાં એનું મન નથી હોતું. એ મન તો કોઈ રૂપવંતી રામામાં દોડે છે. કાળા માથાનો એ માનવ જાતજાતના સાહસ કરે છે. પણ જ્યાં જરાનો પાશ બેસે છે ત્યાં એ સર્વ ઓસરી જતું જણાય છે. શ્વેત કેશ અને દુર્બળ ગાત્રવાળો એ જાણે જુદો જ દેખાવ રજૂ કરે છે ! અહા ! કાળદેવ ! તારા પરાક્રમની શી વાત કરવી ? સમય–આવલિકા–ઘડી–દિન–રાત–માસ–વર્ષ અને આગળ વધી પલ્યોપમ સાગરોપમના સ્વરૂપમાં ઊંડા ઉતરીએ છીએ ત્યારે તો અધધધ થઇ જાય છે અને અવસર્પિણી ઉત્સર્પિણીનો લાંબો પ્રવાહ જોતાં ગાત્રો ગળવા માંડે છે ! એમાં શીરોમણે શોભતું પુદ્ગલપરાવર્તન એ તો એક કોયડો જ છે ને !

આમ કાળના મહાત્મ્યની ગાથા પૂરી થઇ નથી હોતી ત્યાં 'સ્વભાવ' માં જ સર્વ શકિતનો આરોપ કરનારો વાદી આગળ આવે છે અને 'કાળ' ને રંકનું બિરુદ આપી પોતાના મંતવ્યનો વિસ્તાર કરવા માંડે છે.

કાળવાદીની દલીલોનું ખંડન કરતો હોય તેમ તે કહે છે કે—

છતે યોગે જોવનવતીજી, વાંઝણી ન જણે બાળ;
મૂછ નહીં મહિલા મુખેજી, કરતલ ઊગે ન વાળ.
મત્સ્ય તુંબ જળમાં તરેજી, બૂડે કાગ પહાણ;
પંખી જાત ગયણે ફીરેજી, ઇણી પરે સયલ વિનાણ.

અને ઉમેરે છે કે જે જે દ્રવ્યનો જે જે સ્વભાવ હોય છે એ પ્રમાણે જ વર્તના થતી દેખાય છે. લીંબડે તો લીંબોળી જ નિપજે. ત્યાં કંઇ કેરી બાઝતી નથી. કાળ ગમે તેવી કરામત કરે એથી સૂંઠનો વાયુ શમાવવાનો સ્વભાવ કે હરડેથી રેચ થવાની વાતમાં કંઇ જ ફેર પડતો નથી. ગમે તેટલા કાળ પર્યંત કાંગડુ ધાન્ય ચૂલા પર રહે તેથી ઓછું જ એ પાકી જવાનું છે ? મોરના પીંછા ચિતરવા કોણ ગયું છે ? અને બાવલના કાંટા અણિયાળા કેમ છે ? નાગ ઝેરી હોય છે છતાં એના માથાના મણિમાં વિષ હરવાની શકિત છે. એ વાતોથી પુરવાર થાય છે કે 'સ્વભાવ' જ કર્તાહર્તા છે.

ત્યાં તો એ બે સામે આડા હાથ ધરતો નિયતિવાદી અર્થાત્ હે સદ્દાલ ! મંખલીપુત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોશાલક જે વાત સ્થાપે છે એ ખડી થાય છે. અને જોરશોરથી જાહેર કરે છે કે–કાળ ને સ્વભાવ ગમે તેવા અનુકૂળ હોય છતાં જો ભવિતવ્યતા ફરી બેસે તો ખેલ ખલાસ. માની લ્યો કે કાળના જોરે એકાદી ગર્ભવતી રમણીએ ગર્ભ ધારણ કર્યો પણ ભાવી વાંકો થતાં એ ગળી જાય છે એનું શું ? ધારો કે આંબાએ સ્વભાવ મુજબ કેરીઓના ઝૂમખા દેખાડ્યા, પણ ભવિતવ્યતાએ વાવાઝોડું સર્જી એ નિષ્ફળ કરી મૂક્યો તો પરિણામે શું ? એમાં સ્વભાવની તાકાત કેટલી ? મારી સત્તાનો ચમકારો જોયો છે ? આ શબ્દોમાં એ સમાયો છે.

જળનિધિ તરે જંગલ ફરેજી, કોડી જતન કરે કોય;
અણભાવી હોવે નહીંજી, ભાવી હોય તે હોય.
નિયતિવશે વિણચિંતવ્યુંજી, આવી મળે તતકાળ;
વરસા સોનું ચિંતવ્યુંજી, નિયતિ કરે વિસરાળ.
આંબે મોર વસંતમાંજી, ડાલે ડાલે કેઈ લાખ;
કેઇ ખર્યા કેઈ ખાગટીજી, કેઈ આંબાં કેઇ સાખ.

આ તો સામાન્ય દાખલા આપ્યા પણ ઓ વાદીયુગલ ! જરા આ દૃષ્ટાન્ત સાંભળો. એથી તમારી સત્તાનું માપ મપાઇ જશે–' એક શિકારીએ આકાશમાં ઊડતા એક કબુતર પર બરાબર નિશાન તાક્યું. બાણ છૂટતાં જ એના પ્રાણ વિદાય થાય એવી સ્થિતિ જન્મી. ઊંચે નજર કરે છે તો એક બાજ પક્ષી પણ પોતાના પર તરાપ મારવાની તૈયારીમાં છે. એક તરફ નદી ને બીજી બાજુ વાઘ જેવું ઉભયમાર્ગી સંકટ. પણ ભવિતવ્યતા એ કબુતરની તરફેણમાં હતી એટલે શિકારીના પગે એક સર્પે ડંશ માર્યો. ધનુષ્યમાંથી બાણ છૂટી ગયું અને એ પેલા બાજને લાગ્યું. કબુતરના ઉડ્ડયનનો માર્ગ આ રીતે મોકળો થઇ ગયો. બનવાનું હોય તે જ બને છે. એમાં શંકા ધરવાપણું નથી જ. જુઓને, બ્રહ્મદત્ત ચક્રવર્તીના નેત્રો એ વિના એકાદા ગોવાળના હાથે વીંધાય ખરા ? બે હજાર દેવતાઓ જેની સતત સેવામાં હોય છતાં આમ બન્યું ત્યારે એ કરામત હોણહારની જ ને !

ઓ વાદીત્રિપુટી ! તમો મારી સત્તા આગળ તો મગતરા જેવા જ ! ઘરમાં બેસી ગોળ ભલે ખાવ પણ આ કર્મરાજના પડકાર ઝીલવાનું સામર્થ્ય તમારામાં છે ખરૂં ?

કર્મે શું શું કરી દેખાડ્યું તે ટૂંકમાં વર્ણવું છું—

કર્મે રામ વસ્યા વનવાસે, સીતા પામે આળ;
કર્મે લંકાપતિ રાવણનું, રાજ્ય થયું વિસરાળ.
કર્મે વરસ લગે રિસહેસર, ઉદક ન પામે અન્ન;
કર્મે વીરને જુઓ યોગમાં, ખીલા રોપ્યા કન્ન.
કર્મે એક સુખપાલે બેસે, સેવક સેવે પાય;
એક હય ગય રથ ચઢ્યા ચતુર નર, એક આગળ ઉભાય.

દેવ, માનવ, તિર્યંચ અને નારકીરૂપ ચાર ગતિઓમાં કોઇ પણ રખડાવનાર હોય તો એ કર્મ પુદ્ગલ જ ને ! એણે ખુદ તીર્થપતિઓને છોડ્યા નથી ! ચક્રી–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસુદેવોને ઊંધા પાટા બંધાવ્યા છે! તેથી તો કહેવાય છે કે–' કર્મની ગતિ વિચિત્ર છે.' એ અતિ ગહન મનાય છે. કોઈ 'विधिरेव बलीयसी' એમ કહી હાથ ધોઈ નાખે છે!

કાળ, સ્વભાવ અને નિયતિ તમો તો મારી સન્મુખ બાળક જેવા છો પણ પેલો માંધાતા જેવો આડંબર રાખનાર ઉદ્યમ પણ ટકી શકે તેમ નથી. એને મેં સખત હાર આપી છે એ વાત સાંભળશો ત્યારે મારી તાકાતનું સાચું ભાન થશે.

ઉદ્યમથી કાર્યની સિદ્ધિ થાય છે એમ માની, એક ઉંદરે ઘરના આંગણામાં પડેલા એક કરંડીયાને કરકોલવા માંડ્યો. એણે ધારેલું કે કરંડીયામાં કયાં તો ફળ હશે અથવા તો મીઠાઈ મેવા હશે. બિચારા ઉંદરનું ભાગ્ય ફૂટેલું અર્થાત્ કર્મરાજ એના પર વંકાઈ બેઠેલા એટલે આ કરંડીયો ફળ કે મીઠાઈનો નથી પણ મદારીના સર્પનો છે એવું ભાન મૂષકને થવા દીધું નહીં. કરકોલવામાં રત બનેલા ઉંદરજી જ્યાં બાકું પાડી, એમાં મુખ નાંખવા જાય છે ત્યાં પેલા સર્પરાજના ભક્ષ બની ગયા!

આ ઉદ્યમીના–ઉંદરજીના હાલ જોયા! હવે પેલા નિરુદ્યમી નાગની વાત વિચારો, પકડાઈ ગયા અને કરંડીયે પૂરાયા. ન મળે ખાવાનું કે ન મળે નાચવાનું. ગુંચળું વળી પડી રહ્યા સિવાય અન્ય માર્ગ પણ નહોતો, છતાં ભાગ્યદેવીના આશીર્વાદ ઉતર્યા એટલે આહાર ને છૂટકારો બન્ને પામ્યા.

સમિપમાં ઉભેલા પુરુષાર્થીથી આ વાત સાંભળી ચૂપ ન રહેવાયું. આગળ આવી એ વાદીએ તો લલકારવું શરૂ કર્યું—

> ઉદ્યમ કરતાં માનવીએ, શું નવિ સીઝે કાજ તો;
> રામે રયણાયર તરીએ, લીધું લંકા રાજ્ય તો.
> વિણ ઉદ્યમ કેમ નીકળે એ, તીલમાંહેથી તેલ તો;
> ઉદ્યમથી ઊંચે ચઢે એ, જુવો એકેંદ્રિય વેલ તો.
> દૃઢપ્રહારી હત્યા કરીએ, કીધાં પાપ અનંત તો;
> ઉદ્યમથી ખટમાસમાં એ, આપ થયો અરિહંત તો.

કર્મ મહાશય, ખોટો ગર્વ ન કરશો. તમો તો મારા પુત્ર જેવા ગણાવ. તમને (કર્મને) જન્મ આપનાર પણ હું જ છું ને? જ્ઞાની ભગવંતો ભાખી ગયા છે કે—'ઉદ્યમથી દૂરે ટળે એ, જુઓ કર્મનો મર્મ તો.' જેનામાં શક્તિ ન હોય અથવા તો જેઓ નબળા હોય એ કર્મ, નિયતિ આદિ અનુસરવાની વાત કરે, કાલના ભરોસે બેસે, બાકી મારા મંતવ્યમાં શ્રદ્ધા ધરનાર તો ફરી ફરી ઉદ્યમ કરી જરૂર કાર્ય સાધના કરે જ.' Try, Try, again ' એ સૂત્ર ન જ ભૂલે.

ભો, સદ્દાલ! આમ આ પાંચે વાદીઓની વાત ઘડીભર તો તેમના દૃષ્ટાંતોના બળે જોર પકડતી જણાશે, કદાચ એમાંથી એકને મોટો સ્થાપવાનું મન પણ થઈ જશે, પણ એમ કરવું ઠીક નથી. એકાંત નયમાં ખેંચાવું એનું નામ જ મિથ્યાત્વ યાને ખોટી સમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બારિકાઇથી વિચારતાં સમજાશે કે-એ પાંચેના મેળાપ વિના કાર્યસિદ્ધિ સંભવતી નથી જ. એમાં ચાર આંગલી અને પાંચમા અંગુઠાનું ધરગથ્થુ, રોજના અનુભવનું દૃષ્ટાંત યાદ રાખવાનું છે.

લડાઇના મેદાનમાં જયશ્રી વરનાર સેનાને ધન્યવાદ અપાય છે એ વેળા જેમ બધા સૈનિકોને નહીં પણ માત્ર સેનાપતિને આગળ કરાય છે તેમ પ્રસંગવશાત્ એમાંનાં એકાદને વર્ણવતાં આગળ ધરાય, પણ એ પાછળનું રહસ્ય તો એટલું જ કે જેમ આખી સેનાનો સહકાર જ વિજય અપાવે છે તેમ એ પાંચેનો યોગ જ સાધનામાં સફળતા આણે છે.

**તંતુ સ્વભાવે પટ ઉપજાવે, કાળક્રમે રે વણાયે;**
**ભવિતવ્યતા હોયે તો નીપજે, નહીં તો વિઘ્ન ઘણાયે.**
**તતુંવાય ઉદ્યમ ભોક્તાદિક, ભાગ્ય સકલ સહકારી;**
**એમ પાંચે મળી સકલ પદારથ, ઉત્પત્તિ જુઓ વિચારી.**

તાંતણા સાથે મળતાં કપડું થાય એ સ્વાભાવિક છે, એમાં વણવાના સમયનો હિસ્સો પણ છે. ભવિતવ્યતા હોય તો જ કપડું તૈયાર થાય; નહીં તો વિઘ્નો નરમ તબિયત આદિના આવે. વણકરનો ઉદ્યમ સાચી દિશામાં હોય અને પહેરનારનું તકદીર હોય તો જ કપડું પહેરવા જેવું બને.

**નિયતિ વશે હલુકરમો થઇને, નિગોદથકી નીકળીયો;**
**પુણ્યે મનુજ ભવાદિક પામી, સદ્ગુરુને જઈ મળીયો.**
**ભવસ્થિતિનો પરિપાક થયો તવ, પંડિત વીર્ય ઉલ્લસીયો;**
**ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઈને વસીયો.**

સંસારી આત્મા મુક્તિ ત્યારે જ પામી શકે કે જ્યારે એ આત્માને ઉપર કહ્યું તેમ પાંચ કારણોનો સહકાર પ્રાપ્ત થાય. એ વિષયમાં, ભાઇ, ત્હારા ગુરુ મંખલીપુત્ર શું કહે છે એ સમજી લેજે, નહીં તો મારી પાસે આવજે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મ-મીમાંસાનું આયોજન.

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા. એમ. એ. )

**ઉદ્‌ભવ**—આજથી દોઢેક દસકા ઉપર હું મુંબઇમાં રહેતો હતો અને એ સમયે મારે હાથે કવિવર ધનપાલની કૃતિઓનું ટીકા ઇત્યાદિ સહિત સંપાદન-કાર્ય થતું હતું. એવામાં **ઉસભપંચાસિયા**( ઋષભપંચાસિકા )ના ત્રીજા પદ્યના સ્પષ્ટીકરણાર્થે મેં જે સમ્યક્ત્વને અંગે નાનકડો નિબંધ લખ્યો હતો તે છપાવવો શરૂ થયો. આનાં મુદ્રણ-પત્રો ( proof-sheets ) એક જૈન આચાર્યને મોકલાતાં એમાં એમણે કેટલીક ભૂલ કાઢી, પરંતુ એ મારે ગળે ઉતરી નહિ એટલે મેં તે પ્રમાણે ફેરફાર ન કર્યો. એવામાં કર્મ-સિદ્ધાન્તના વિશિષ્ટ અભ્યાસી તરીકે ઓળખાવાતા જૈનાચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજીનું મુંબઇમાં ચાતુર્માસ થયું અને એમની સાથે પરિચય થતાં મેં આ મુદ્રિત લખાણ તપાસી જવા એમને સાદર વિજ્ઞપ્તિ કરી. એઓ આ જોઇ ગયા અને એમણે આ નિબંધ જોઇ એની તારીફ કરી અને એમાં કોઇ ભૂલ નથી, પરંતુ ભૂલ સૂચવનારની ભૂલ હોવાનું કહ્યું. આ ઉપરથી મને બે વિચાર સ્ફુર્યા.

(૧) વિશેષજ્ઞ ગણાતા વિદ્વાનની પણ વાત તેમના તરફથી પ્રમાણ રજૂ ન થાય ત્યાં સુધી સ્વીકારી ન લેવી.

( ૨ ) જૈન દર્શનમાં ઓતપ્રોત બનેલા અને જૈનોના એક વિશિષ્ટ સિદ્ધાન્ત ગણાવાને લાયક એવા કર્મ-સિદ્ધાન્તને અંગે સંક્ષિપ્ત કે માધ્યમિક કોટિનો ગ્રંથ ન રચતાં બને તેટલા વિસ્તારવાળી એક કૃતિ તૈયાર કરવી[1] અને તેમાં માર્ગદર્શન મળે અને કોઇ ભૂલ ચૂક થવા ન પામે તે માટે શ્રી વિજયપ્રેમસૂરિજી જેવાનો સહકાર મેળવવો.

કર્મ-મીમાંસા નામનો સર્વાંગ સુન્દર, સંપૂર્ણ અને સ્વતંત્ર ગ્રંથ રચવા માટે અત્યારે હું જે વિશિષ્ટ પ્રયાસ કરવાની અભિલાષા રાખું છું તેનું બીજ આમ દોઢેક દસકા જેટલું પ્રાચીન છે.

કેટલાંક વર્ષોથી હું એમ સાંભળતો આવ્યો છું કે જૈનાચાર્ય શ્રી પ્રતાપસૂરિજીના શિષ્ય ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજીએ કર્મ-સિદ્ધાન્તનો સારો અભ્યાસ કર્યો છે. થોડા વખત ઉપર એઓ અહીં થઇને મુંબઈ જતા હતા તેવામાં મારે એમને કલાકેક માટે મળવાનું થયું અને વાતચિત દરમ્યાન મેં એમને મારી અભિલાષા જણાવી તો એમણે આ વાતને અનુમોદન આપ્યું. કર્મ-મીમાંસા રચાઇ રહે પછી હું એમના જેવાને એ બતાવવા ઇચ્છું છું, પરંતુ આ પ્રાસાદ તૈયાર કરવા માટે એના પાયા તરીકે કામમાં લાગે એવા કેટલાક લેખો અત્યારે તો હું છપાવવા ઇચ્છું છું અને તેમાં કોઇ ત્રુટી જણાય કે કોઈ સૂચના કરવા જેવી જણાય તો એમને તેમજ જૈનાચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી જેવાને એ તરફ મારું લક્ષ્ય ખેંચવા વિનવું છું.

**પ્રકાશન**—કર્મ-મીમાંસાની યોજના જે હાલમાં મેં ઘડી છે તેની રૂપરેખા મારે

---

૧ આવી એક કૃતિ "જૈન ન્યાય" (Jaina Logic) પરત્વે હાલમાં હું તૈયારી કરું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસિદ્ધિમાં મૂકવી એમ આગમોદ્ધારકના કેટલાક સંતાનીયો તરફથી મને સૂચના મળી છે અને એને હું વધાવી લઉં છું. કેમકે આ કાર્ય મોડું વહેલું પણ સાંગોપાંગ રીતે એના યોગ્ય અધિકારીદ્વારા થવું જોઇએ એ બાબત તો બે મત નથી; કદાચ એ કાર્ય મારે હાથે પરિપૂર્ણતાને નહિ પામે તો પણ આ દિશા સૂચવવા પૂરતો તો આ પ્રયાસ સાર્થક ગણાશે એવી આશા રહે છે. વિશેષમાં આ યોજનાને સફળ બનાવવા માટે કોઇ અણધાર્યે સ્થળેથી પણ સૂચના મેળવવાનો પણ આ માર્ગ છે.

**મહત્ત્વ અને ઉપયોગિતા**—જૈનોને કર્મ-સિદ્ધાન્ત ભવિતવ્યતાના દાસાનુદાસ બનવાનું ન શિખવતાં પૂર્ણ પુરુષાર્થ અજમાવવાનો-સચોટ ઉદ્યમ કરવાનો બોધપાઠ પૂરો પાડે છે. એ દુઃખ આવી પડતાં અકળાઇ ન જતાં તે સમતાપૂર્વક સહન કરવાનું બળ આપે છે. સંપત્તિમાં છકી ન જવાય તેની તકદારી રખાવનાર એ રામબાણ ઔષધ છે. આપણા જેવા સામાન્ય આત્માઓ માટે, દૂષણોની ગવેષણાપૂર્વકની નિન્દા અને ગર્હાથી થતી આત્મશુદ્ધિનો માર્ગ એ મોકળો કરે છે, એ પ્રત્યેક વ્યક્તિને પોતાની પૂરેપૂરી જવાબદારીનો યથાર્થ ખ્યાલ કરાવે છે.

આ કર્મ-સિદ્ધાન્ત સ્વપરકલ્યાણકારી છે એટલે નીતિ( Ethics )ની દૃષ્ટિએ, સામાજિક શાસ્ત્ર( Sociology )ની દૃષ્ટિએ તો એનું મૂલ્ય છે જ. વળી એ જૈન દર્શનનો-એના તત્ત્વજ્ઞાનનો-દ્રવ્યાનુયોગનો એક અગત્યનો ભાગ છે એટલે ફિલસુફીના-દ્રવ્યમીમાંસા ( Metaphysics )ના અભ્યાસીઓને તો એ જરૂર જ આકર્ષી શકે તેમ છે. આ કર્મનો સિદ્ધાન્ત અધ્યાત્મવિદ્યાનું એક મહત્ત્વનું અંગ હોઇ-આત્માની સ્વાભાવિક અને વૈભાવિક દશા પર પ્રકાશ પાડનાર હોઇ એ વિદ્યાના જિજ્ઞાસુને એનો અભ્યાસ રોચક અને માર્ગદર્શક બને તેમ છે. આ સિદ્ધાન્તની ઝીણવટો-એમાં આવતાં ભાંગાઓ ( સં. ભંગ ) અને [1]કંડકો ગણિતજ્ઞોને બે ઘડી આનંદ આપે તેમ છે. કર્મની વર્ગણા અને એના બંધનું નિરૂપણ તેમજ સમુદ્ઘાતો રસાયણશાસ્ત્ર ( Chemistry ) અને પદાર્થવિજ્ઞાન ( Physics )-ના અભ્યાસીને રસમય વાની પીરસે છે. કષાયો અને ગુણસ્થાનકોનું સ્વરૂપ મનોવિજ્ઞાન-( Psychology )ના વિષયના શોખીનોને વિચારવા જેવું છે. કર્મ-સિદ્ધાન્તમાં આવતો જ્ઞાનનો અધિકાર જ્ઞાન-મીમાંસા ( Epistemology ) સંબંધી જૈન મંતવ્ય રજૂ કરવામાં એક્કો છે.

---

૧ આ વિષય 'કૂર્ચાલી-શારદ' વાચક યશોવિજયે ગુજરાતીમાં **સંયમશ્રેણિવિચાર** નામની સજ્ઝાયમાં ત્રણ ઢાલમાં નિરૂપ્યો છે અને એ જ બાબત આ સજ્ઝાયના વિસ્તારરૂપે પં. ઉત્તમવિજયે **સંયમશ્રેણિવિચાર** સ્તવનમાં ત્રણ ઢાલમાં ચર્ચી છે. આ બંને કૃતિઓ "સ્તવન, સ્વાધ્યાય આદિ શ્રુતરત્નસંગ્રહ" માં જૈનગ્રંથપ્રકાશક સભા ( અમદાવાદ ) તરફથી વિ. સં. ૧૯૯૬ માં યંત્રાદિ સહિત છપાવાઇ છે. ચારિત્રની શુદ્ધિ-અશુદ્ધિની તરતમતા યાને સંયમસ્થાન વિષે કેટલીક હકીકત **શ્રી ભગવતી-સાર**( પૃ ૭૯-૮૦ )માં અપાઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણેની કર્મ-સિદ્ધાન્તની અનેકવિધ મહત્તા અને ઉપયોગિતા હોવાથી તો આને અંગે એક આકર-ગ્રંથ ગુજરાતીમાં રચ્યા બાદ કે એ રચનાની સાથે સાથે અંગ્રેજીમાં પણ એક આકર-ગ્રંથ રચવાનો હું વિચાર રાખું છું.

**યોજના**—ગુજરાતી કૃતિ પૂરતી યોજના હવે હું અહીં રજૂ કરું છું. કર્મ-સિદ્ધાન્ત પરત્વે શ્વેતાંબર તેમજ દિગંબર ગ્રંથકારોએ પ્રૌઢ કૃતિઓ રચી છે. કેટલીક બાબતો જે શ્વેતાંબરીય કૃતિઓમાં જોવાય છે તે દિગંબરીય કૃતિમાં નથી, તેમ કેટલીક બાબતો એવી છે કે જે દિગંબરીય કૃતિઓમાં છે તે શ્વેતાંબરીય કૃતિઓમાં નથી. આથી મેં કર્મ-સિદ્ધાન્તના પરિપૂર્ણ નિરૂપણ માટે આ બંને ફિરકાઓના પ્રાચીન અને પ્રમાણભૂત ગ્રંથોનો લાભ લેવાનો ઇરાદો રાખ્યો છે.[1] સાથેસાથે કર્મવિષયક જે અભ્યાસપૂર્ણ લેખ વગેરે આધુનિક વિદ્વાનોને હાથે લખાયા હોય તે પણ જોઇ જવાની મારી ઇચ્છા છે. એટલે એ વિદ્વાનો એમના આ લેખ વગેરેની મને નકલ પૂરી પાડી શકે તો તેમ, નહિ તો એ ક્યાં છપાયેલ છે તે જણાવી ઉપકૃત કરે.

કર્મ-સિદ્ધાન્તને લગતી એકે એકે બાબત-પછી એ નાની હો કે મોટી, ઓછા મહત્ત્વની હો કે વધારે મહત્ત્વની હો એ મારે અહીં આપવી છે. આથી આમાં નીચે મુજબના મુખ્ય વિષયોને તો સ્થાન અપાશે જ:—

(૧) કર્મનું સ્વરૂપ અને એનું વૈશિષ્ટ્ય.
(૨) વર્ગણાઓનો વિચાર.
(૩) બંધ-એના હેતુઓ, પ્રકારો અને સ્વામીઓ.
(૪) નિહ્નવ-વાદ.
(૫) કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ.
(૬) ઉદય, સત્તા અને અબાધાકાળ.
(૭) ચૌદ ગુણસ્થાનો-સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ.
(૮) યોગ, ઉપયોગ અને લેશ્યા.
(૯) માર્ગણા-દ્વારો.
(૧૦) બંધસ્થાનો ઇત્યાદિનો પરસ્પર સંબંધ.
(૧૧) આઠ કરણો.
(૧૨) સ્પર્ધકો અને કંડકો.
(૧૩) ઉપશમ-શ્રેણિ અને ક્ષપક-શ્રેણિ.
(૧૪) સમુદ્ઘાત.
(૧૫) મુક્તિનો અધિકાર.

૧ જૈન આગમોમાં પણ એવી કોઇ કોઇ બાબત જોવાય છે કે જેનો નિર્દેશ કર્મ-સિદ્ધાન્તને લગતી કોઇ પણ સ્વતંત્ર કૃતિમાં જણાતો નથી. આથી આ બાબતો પણ અહીં અપાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે પંદર બાબતો વિચારતી વેળા સમર્થનાત્મક પાઠો હું આપનાર છું જેથી મારું લખાણ આધારભૂત બને. શાસ્ત્રીય નિરૂપણમાં પારિભાષિક શબ્દોની આવશ્યકતા રહે છે, કેમકે એ દ્વારા એક તો વિચારની સૂક્ષ્મતા અને એકતા જળવાઇ રહે છે અને બીજું, વધારે પડતાં લંબાણને-શિથિલતાને અટકાવી શકાય છે. જૈનોના કર્મ-સિદ્ધાન્તનું આ નિરૂપણ શાસ્ત્રીય થવાનું છે એટલે એમાં પારિભાષિક શબ્દો તો વપરાશે જ, પરંતુ એ દરેક શબ્દના અર્થ ઉપર પૂરતો પ્રકાશ પાડવા માટે એની વ્યુત્પત્તિ, એના પર્યાયવાચક શબ્દ ઇત્યાદિ દર્શાવાશે

વિષયોને વિશદ બનાવવા માટે પ્રાચીન ઉદાહરણોનો અને ન્યાયોનો તેમજ આધુનિક વૈજ્ઞાનિક યુગનાં મંતવ્યોનો ઉપયોગ કરવા હું માંગું છું. વિશેષમાં જરૂર જણાય ત્યાં યંત્રો ( કોષ્ટકો ) અને સ્થાપનાઓ પણ રજૂ કરીશ.

કર્મ-સિદ્ધાન્તને કેવળ શ્રદ્ધાનો વિષય ન બનાવતાં, એની વિવિધ બાબતો તાર્કિક દૃષ્ટિએ વિચારવાની મારી ભાવના છે અને આમાં કંઇ ખોટું નથી, કેમકે નવ્ય કર્મગ્રંથોની ટીકામાં પણ આ માર્ગ થોડે ઘણે અંશે દેવેન્દ્રસૂરિએ સ્વીકાર્યો જ છે.

તુલનાત્મક અભ્યાસને અને તાર્કિક દૃષ્ટિને યથાયોગ્ય સ્થાન આપી તૈયાર કરાતી આ કૃતિના અંતમાં નીચે મુજબનાં **પરિશિષ્ટો** આપવાનો હું ઇરાદો રાખું છું —

( ૧ ) કર્મ સંબંધી સાહિત્ય.
( ૨ ) પારિભાષિક શબ્દોની સૂચિ.
( ૩ ) પિંડપ્રકૃતિદર્શક શબ્દકોશ.
( ૪ ) ઉદાહરણો અને ન્યાયોની સૂચિ.
( ૫ ) સાક્ષીભૂત ગ્રંથોનો નિર્દેશ.
( ૬ ) સૈદ્ધાન્તિકો અને કર્મગ્રંથકારો વચ્ચેના મતભેદો.
( ૭ ) શ્વેતાંબર અને દિગંબર માન્યતાઓમાં ભેદ.

કોઇ પણ કૃતિ વિશિષ્ટ પ્રસ્તાવના વિના પરિપૂર્ણ ન ગણાય એટલે આને અંગે હું વિસ્તૃત ઉપોદ્ઘાત લખવાનો છું. તેમાં હું મુખ્યતયા નીચે મુજબની બાબતો વિચારીશ:

( ૧ ) ભારતીય દર્શનોમાં અને જૈન સાહિત્યમાં કર્મ-સિદ્ધાંતનું સ્થાન.
( ૨ ) આગમોમાંની કર્મ સંબંધી સામગ્રી.
( ૩ ) કર્મવિષયક કૃતિઓનો પરિચય અને એનું પૌર્વાપર્ય.
( ૪ ) કર્મ-સિદ્ધાન્તની મહત્તા અને ઉપયોગિતા.
( ૫ ) કર્મ-સિદ્ધાન્તને અંગેના આક્ષેપો અને તેનું નિરાકરણ.

આ આકર-ગ્રંથને વિશેષતઃ આવકારપાત્ર બનાવવા માટે ચિત્રો પણ આપવાનો મારો વિચાર છે. મારા આ કાર્યને વેગ મળે તે માટે જેમ વિશેષજ્ઞોનો સહકાર આવશ્યક છે તેમ એના પ્રકાશન માટે ઉદાર દિલના ધનિકો તરફથી દ્રવ્યની સહાયતાની અપેક્ષા રહે છે. આશા છે કે-આ બંને પ્રકારનો સહકાર મને મળી રહેશે.

For Private And Personal Use Only

## ( ૨૯૮ )

### કહેવાતું ઉચ્ચ જ્ઞાન ગર્વ અને અભિમાન વગર ન જ મેળવી શકાતું હોય, તો આપણો અભ્યાસ જીવનની સાદી બાબતો, હમદર્દી, પ્રેમ, નિઃસ્વાર્થતા અને એવી ચાલુ બાબતોમાં પર્યવસિત કરવો– એ વધારે સારી વાત છે.

ખરી વાત તો એ છે કે વૃક્ષને ફળ આવે ત્યારે એ નીચું નમતું જાય છે, વાદળાં પાણીથી ભરાય ત્યારે પૃથ્વીની નજીક નીચે આવતા જાય છે અને આંબા પર કેરી (શાખ) પાકે ત્યારે એના ભારથી ડાળ નીચે આવતી જાય છે. તેજ પ્રમાણે માણસ જ્ઞાનના ભારથી ભારે થાય ત્યારે એ વધારે સાચો માણસ બને છે, એનામાં વૃદ્ધ તરફ વિનય જાગૃત થાય છે, એને લોકસેવાના મનોરથ થાય છે, એને પોતાના જ્ઞાનનો લાભ જનતાને બને તેટલો વધારે આપવાના કોડ થાય છે, વિદ્યાનાં સત્રો ખોલવાનાં, એની પરબો ઠામઠામ બેસાડી દેવાના અને એનો લાભ બને તેટલા વધારે માણસો લે તેવી એને આદર્શ ભાવના થાય છે. આ જ્ઞાનપ્રાપ્તિનું સાચું ફળ છે, આ જ્ઞાનપ્રાપ્તિનું સત્ય પ્રદર્શન છે, આ જ્ઞાન-પ્રાપ્તિનો અનુપમેય મહિમા છે.

પણ એને બદલે કોઇ કોઇને **જ્ઞાનનો અપચો** થાય છે, પોતાના નામ સાથે ઉપાધિ લગાડવાનો અભખરો થઇ આવે છે, પોતાને સમાજમાં માન મળવું જોઇએ અને પોતાની ખુરશી અવલ નંબરે પડવી જોઇએ અને પોતે બહાર નીકળે ત્યારે સામે મળનારે પોતાને પ્રથમ સલામ કરવી જોઇએ–આવાં આવાં તુચ્છ આંદોલનો તેનામાં જાગૃત થાય છે, આવા ન ઇચ્છવાયોગ્ય ભાવો એના મનમાં સ્થાન લઇ લે છે, જાણે પેટે પાટા બાંધવા પડશે એવી એની આત્મનિદર્શનની ઇચ્છાઓ અને કામનાઓ થઇ પડે છે, અને જાણે કે પોતે ગગનમાં ઊડતો હોય અને દુનિયા સામાન્ય જમીન પર ચાલતી કે અફળાતી હોય એવું એને લાગે છે. આવી વૃત્તિ જ્ઞાનનું અજીર્ણ છે એને બદલે તો દુનિયાદારીઓના સામાન્ય ગુણ કેળવાય, ભાઇઓમાં પ્રેમ થાય, વ્યવહાર સારો ચલાવાય, નિઃસ્વાર્થભાવે સેવા થાય– આવા **સામાન્ય ગુણો** ખીલે અને ઉચ્ચ જ્ઞાન ન મેળવાય તે વધારે સારું છે. ચાલુ **દુન્યવી ગુણો માટે મોટા અભ્યાસની જરૂર પડતી નથી,** એ તો સહજ પ્રાપ્ય ધર્મો છે અને માણસને માણસાઇ શીખવે છે. ભણી ગણીને માણસ જનાવર જેવો થાય, અપાયિંવ બની જાય, ડુંગરના શિખર પર બેસવાનો શોખીન બની જાય, તેને બદલે તો **સાદો, સારો, ભોળો, વહેવારુ** રહે એ વધારે સારું છે. મોટા ભણતરના અપચા કરતાં સાદા અભ્યાસના વહેવાર માર્ગો વધારે સારા છે.

માટે ભણો તો સાચું ભણો, અંતરને ઉજાળે તેવું ભણો, જનતાના સેવક થતા શીખો અને નહિ તો આપણું છે તે સારું છે, ચાલે તેમ ચાલવા દો; પણ ભણીને ખાડામાં ઊતરી જાઓ તો બાવાના બન્ને બગડે.

**મૌક્તિક**

---

If so called higher knowledge cannot be acquired without egolism and conceit, then it is better to confine our studies to the simple things of life, sympathy, affection, unselfishness and such like.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ ભોગીલાલ મગનલાલ કોમર્સ હાઇસ્કૂલ (વાણિજ્યમંદિર)



**શ્રી ભોગીલાલભાઇ મગનલાલ શેઠ**

મહાલક્ષ્મી મીલવાળા શ્રી ભોગીલાલ મગનલાલ વાણિજ્ય મંદિર ( કોમર્સ હાઈસ્કૂલના) મકાનનુ ખાતમુહૂર્ત કરવાનો વિધિ આસો શુદ આઠમ તા. ૧૮–૧૦–૫૦ ના રોજ સવારના ૧૦ વાગે અત્રે ઘોઘા સર્કલ ઉપરના એક પ્લેટમાં સૌરાષ્ટ્રના માનનીય મુખ્ય પ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબરને હાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બહારગામના તેમજ અત્રેના મીલમાલિકો, સૌરાષ્ટ્રના તેમજ ભાવનગરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો તેમજ સન્નારીઓ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત હતાં. શાળાના મકાન માટેના પ્લોટ નં. ૧૫૧૦ પર સુશોભિત, વિશાળ મંડપ નાંખવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ પ્રસગે આવેલા અભિનંદનના સંદેશાઓમાંથી કેટલાક વાંચી સંભળાવવામાં આવ્યા હતા, જેમાં ને. ના. ભાવનગરના મહારાજા સાહેબનો મુખ્ય હતો.

ત્યારબાદ શ્રી મનસુખલાલ ખારાએ આ શાળામાં કઇ રીતે કામ થશે એ બાબતની સ્પષ્ટ સમજણ આપી શાળાનો પરિચય આપતાં કહ્યું કે–આ શાળા અમદાવાદની આર. સી. હાઇસ્કુલ જેવા ધોરણે ચાલવાની છે, પરંતુ તે સાથે Craft–હસ્તકામ માટે પણ પ્રબંધ કરવાનું ધોરણ રાખવામાં આવશે. આ શાળામાંથી જે વિદ્યાર્થીઓ કૉલેજમાં ન જઇ શકે એમ હોય તેઓને પણ શાળાની જ કેલવણીને લઇને સારું કામ મળી શકશે. ઉપરાંત દરજી કામ, સુતારી કામ વગેરે પણ શીખવવામાં આવશે બાદ શ્રી હરજીવનદાસ કાલિદાસ મહેતા, શ્રી ગજાનન ભટ્ટ અને શેઠ હરિલાલ મોનદાસે આવી સંસ્થાની ઉપયોગિતા અને શ્રી ભોગીલાલભાઇની શુભ ભાવના વિષે પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતાં.

આ પછી શેઠ ભોગીલાલભાઇએ પોતાનું વક્તવ્ય કર્યું. તેઓએ આજના પ્રસંગના



**શ્રી ઉછરંગરાય ઢેબર**
વડાપ્રધાન–સૌરાષ્ટ્ર

 ("ભાવનગર સમાચાર"ના સૌજન્યથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રણેતા શેઠ ધરમદાસ હરગોવનદાસ અનિવાર્ય કારણોસર હાજર રહી શક્યા નથી એ માટે એમની ઊણપ દર્શાવી હતી, પરંતુ તેમને બદલે આવનાર તેમના ભાઈશ્રી ગોરધનદાસનો આભાર માન્યો હતો. પોતે અમદાવાદના હોવા છતાં ભાવનગરી તરીકે અપનાવવા માટે ભાવનગરની જનતાનો આભાર માની મુખ્ય પ્રધાન શ્રી. ઢેબરે ગઢડામાં મહાજન સંબંધે જે કહેલું તે યાદ કરી મહાજનની અનિવાર્ય જરૂર પર ભાર મૂકી કોંગ્રેસ સમિતિએ તેના પૂરક બનવું જોઈએ એવો વિચાર રજૂ કર્યો હતો. પ્રધાનોની કાર્યશીલતાનો દાખલો આપી, કાર્યથી જ ઉત્પાદન વધે છે અને ભાષણોથી વધતું નથી એમ કહી શ્રમનો મહિમા વધારવાનો શાળાનો ઉદ્દેશ સમજાવ્યો હતો.

ત્યારબાદ ઉદ્યોગ પ્રધાન શ્રી મનુભાઈએ ગાંધીજીની ટ્રસ્ટીશીપ-વાલીપણા-ની કલ્પના સમજાવી મુડીદારોએ ટ્રસ્ટી થઈને સામાન્ય માણસને મળે છે તે કરતાં દસ કે બારગણું લઈ બીજા વધારાના ધનનો ઉપયોગ લોકો માટે કરવાનું કહી, વર્ધાયોજના અનુસાર શાળામાં ઉત્પાદન કરી તેમાંથી શાળાના ખર્ચ ખાતે રકમ આવે એવી વ્યવસ્થાની સૂચના કરી હતી

શ્રી શાંતિલાલ શેઠે, શ્રી ભોગીલાલભાઈને અભિનંદન આપીને હાલની મુશ્કેલીઓને અંગે વ્યવહારુ માર્ગ દર્શાવતાં કહ્યું કે-આજે જો દર્દ હોય તો તે ઉત્પાદનના એછાપણાનું છે. કેલવણીમાં પહેલાં તો જીભનો ઉપયોગ જ શીખવવામાં આવતો. આ કારણે આપણો દેશ આળસુ રહ્યો છે અથવા એને આળસુ રાખવામાં આવ્યો છે. કંટ્રોલથી કાળાંબજાર થાય છે માટે કંટ્રોલ અવ્યવહારૂ છે. આ બધા ઝગડાઓનો ઉપાય ઉત્પાદન વધારવામાં રહેલો છે. પશ્ચિમના પ્રજાઓ સો સો વરસથી કામ કરતી હતી. ત્યારપછી જ તેમણે કામના કલાકો વગેરેના કાયદા કર્યા. આપણે હજી ૧૯૪૭ માં બાલ્યાવસ્થામાં હતા ત્યારે જ કાયદાઓથી શરૂઆત કરી. આપણે તો કાર્યરત રહેવાની જ હાલ તો જરૂર છે. જીવનધોરણ ઉત્પાદનથી જ ઊંચું આવશે. ઉત્પાદનમાં જે hurdles (વિઘ્નો) છે તેથી ઉત્પાદકો નારાજ થઈ જાય છે. કાલે શું થશે? તેની ખબર નથી તેથી રોકાણ કરનારાઓ મુંઝાય છે.

મુખ્ય પ્રધાન શ્રી ઢેબરે આ આનંદના પ્રસંગે પણ સભામાં જણાતાં ઠંડક અને તંગ વાતાવરણ પર ધ્યાન ખેંચીને સુંદર એવા કાર્યનો બરાબર પડઘો પડતો નથી એમ કહ્યું હતું. જગતમાં ધર્મની વ્યાખ્યા ઘણાએ કરી છે પણ જેને ઉપર આકાશ અને નીચે પૃથ્વી સિવાય કાંઈ જ ન હોય એનું ભલું કરવું એ જ ધર્મ છે કહી સરકાર અને શ્રમજીવીઓ તેમજ મૂડીદારો પર નજર રાખનાર મધ્યમવર્ગનો ચિતાર આપ્યો હતો. અને શેઠશ્રી ભોગીલાલનો આ પ્રયાસ મધ્યમવર્ગ માટે છે એ એની મહત્તા છે એમ કહ્યું હતું. તેઓએ કહ્યુ કે-આ શાળામાં માત્ર કોમર્સ નથી પણ ઉદ્યોગો છે એ એનું ખાસ વખાણવા લાયક અંગ છે. આ પછી તેઓએ હિન્દની પોણી વસ્તીમાં અશિક્ષિત માણસોની અને ગામડાં છોડી શહેરમાં આવેલા શ્રમજીવીઓની વાત કહી ૨૦૦ વરસની ગુલામીમાં છેલ્લાં બે જ વર્ષથી તેઓની સામે જોવાય છે એમ કહ્યું. આ ઉપરાંત જૂની મહાજન સંસ્થાની સહાયતાની જરૂર પણ તેઓએ સ્વીકારી હતી.

પ્રાંતે રમણીકલાલ ભોગીલાલ શેઠે સર્વનો આભાર માન્યો હતો અને રાષ્ટ્રીય ધ્વજના ગીત અને ફુલહાર પછી મેળાવડો વિસર્જન થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું. લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## આગમોનું દિગ્દર્શન લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા

શ્રી હીરાલાલભાઇની વિદ્વત્તાથી આજે કોણ અજાણ છે? તેઓએ અત્યંત પરિશ્રમપૂર્વક ઘણા વર્ષોની મહેનત પછી આગમ સંબંધી સૂક્ષ્મ છણાવટપૂર્વક આ ગ્રંથની સંકલના કરી છે. આગમના અભ્યાસીએ આ ગ્રંથ વાંચવા તેમજ વસાવવા જેવો છે. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ ૨૫૦, મૂલ્ય રૂા. સાડા પાંચ.

## દાનધર્મ પંચાચાર લેખક—શ્રી મનઃસુખભાઇ કીરતચંદ મહેતા

આ પુસ્તકમાં દાન ધર્મના પ્રકારો, પાં આચારોનું સુવિસ્તૃત વિવેચન અને સ્વામીવાત્સલ્ય સંબંધી નિબંધરૂપે સુંદર આલેખન કરવામાં આવ્યું છે. શ્રી મનઃસુખભાઇનાં આ નિબંધસંગ્રહનું તેમના સુપુત્ર અને અધ્યાત્મપ્રિય શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ સુંદર રીતે સંપાદન કરી આ પુસ્તક પ્રકાશન કર્યું છે. આ પુસ્તક વસાવવા તેમજ વાંચવા લાયક છે. મૂલ્ય માત્ર રૂા. એક.

## પાઠશાળા ઉપયોગી પુસ્તકો મંગાવો.

| | | | | |
|---|---|---|---|---|
| શ્રી પંચપ્રતિક્રમણ મૂળ | ૧-૪-૦ | ગુણસાર | (કથા) | ૦-૮-૦ |
| શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ. | ૦-૬-૦ | જયવિજય | („) | ૦-૮-૦ |
| શ્રી અર્હંત-પ્રાર્થના (સ્તુતિ) | ૦-૪-૦ | હરિબલ | („) | ૦-૮-૦ |
| આત્મવાદ | ૦-૧૦-૦ | વિક્રમાદિત્ય | („) | ૦-૧૦-૦ |
| શિવભૂતિ (કથા) | ૦-૪-૦ | અક્ષયતૃતીયા | („) | ૦-૧૨-૦ |
| નયવાદ | ૦-૪-૦ | વિચારસૌરભ | | ૦-૩-૦ |
| | | જ્ઞાનપંચમી માહાત્મ્ય (વરદત્ત ગુણમંજરી) | („) | ૦-૮-૦ |

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખક:— મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુલ્હરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ ત્રણ આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

---

ખાસ વાંચવા લાયક વસાવવા લાયક નવા પુસ્તકો

**હવે તો ઘણી જ જુજ નકલો શીલીકમાં રહી છે તો તમારી નકલ માટે સત્વર લખી જણાવો.**

## શ્રી આનંદઘનજી-ચોવીશી

### [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઇંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ. સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે.

---

## નયપ્રદીપ-નયચક્રસંક્ષેપ

અનુવાદક અને વિવેચક-સ્વ૦ શ્રી મનઃસુખભાઈ કિરતચંદ મહેતા

આ પુસ્તકમાં નય જેવા કઠિન વિષયને સરલ અને સુગમ બનાવી સારો પ્રકાશ પાડયો છે. સપ્તભંગી તથા નયનું સ્વરૂપ દર્શાવી છેવટના પ્રકરણમાં નયના સાતસો વિષય ભેદો બતાવ્યા છે. નયચક્રસંક્ષેપ એ નિબંધરૂપ છે. જેમાં નયના વિષયને પુષ્ટ કરવામાં આવ્યો છે. એકંદરે નય ને ન્યાયના અભ્યાસીને માટે આ પુસ્તક ઉપયોગી છે. દોઢસો ઉપરાંત પૃષ્ઠ અને પાકું બાઇંડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. એક

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય

લેખક: શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા, M. A.

શ્રી હીરાલાલભાઇના તલસ્પર્શી સંશોધન અને વિવેચનથી આજે કોણ અજાણ છે. તેમના "આગમોનું દિગ્દર્શન" પુસ્તક જેવું જ આ પણ સંશોધનપૂર્ણ અને વિદ્વાનોને રુચિકર થઇ પડે તેવું આ પુસ્તક છે. પ્રાકૃત ભાષાને લગતી વિશદ વિવેચના બે ખંડમાં કરવામાં આવી છે. છેવટે પૂરવણી અને કેટલીક સૂચના પણ આપેલ છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૭૫, પાકું બાઇંડીંગ. મૂલ્ય રૂપિયા છ. પોસ્ટેજ જુદું.

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર


For Private And Personal Use Only